વિક્રમ સંવત ૨૦૮૦, માગસર વદ પાંચમ • તારીખ : ૦૧ જાન્યુઆરી ૨૦૨૪, સોમવાર • વર્ષ : ૧૫ • અંક : ૧૫૨ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ • અમદાવાદ • કિંમત : રૂા. ૨.૦૦ • પાના : ૮

Good Bay 2023 Welcome 2024

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### દિલ્હી, મુંબઈ, કોલકત્તા, ચેન્નાઈ અને અમદાવાદ સહિત દરેક જગ્યાએ લોકો નવા વર્ષની ઉજવણી કરી હતી

## દેશભરમાં વર્ષ ૨૦૨૪નું જોરદાર સ્વાગત કરવામાં આવ્યું

। અમદાવાદ, તા.૩૧ ।

વર્ષ ૨૦૨૩ હવે ઈતિહાસ બનવા તરફ અને દુનિયાના લોકો ૨૦૨૪નું સ્વાગત કર્યું હતું. ઘણા દેશોમાં નવા વર્ષની ઉજવણીની શરૂઆત થઈ ચૂકી છે. ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયામાં નવા વર્ષની ઉજવણીની શરૂઆત થઈ ચૂકી છે. ભારતમાં પણ નવા વર્ષના સ્વાગત માટે લોકોએ ઉજવણી કરી હતી. જેમાં દિલ્હી, મુંબઈ, કોલકત્તા, ચેન્નાઈ અને અમદાવાદ સહિત દરેક જગ્યાએ લોકો ઉજવણી કરી હતી. ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા વર્ષ ૨૦૨૪નો જશ્ન મનાવનારા શરૂઆતી દેશ છે. ન્યૂઝીલેન્ડમાં ભારતીય સમય મુજબ સાંજે ૪ વાગ્યે જ રાતના ૧૨ વાગ્યે છે અને નવા વર્ષની ઉજવણી શરૂ થઈ જાય છે. ન્યૂઝીલેન્ડના સ્કાય ટાવર પર જોરદાર આતશબાજીની સાથે નવા વર્ષનું વેલકમ કરવામાં આવ્યું. આ દરમિયાન મોટી



સંખ્યામાં લોકો ત્યાં હાજર હતા. જ્યારે ઓસ્ટ્રેલિયામાં નવા વર્ષનું સ્વાગત કરવામાં આવી રહ્યું છે. ન્યૂઝીલેન્ડ બાદ ભારતીય સમય મુજબ ૬ વાગ્યે ઓસ્ટ્રેલિયામાં રાતના ૧૨ વાગતા જ નવા વર્ષની ધૂમ ઉજવણી શરૂ થઈ ગઈ. સિડનીના વિશ્વ પ્રસિદ્ધ સિડની હાર્બર બ્રિજ પર નવા વર્ષના સ્વાગતમાં જોરદાર આતશબાજી કરવામાં આવી. હાર્બર બ્રિજ પર થતી આતશબાજીને દુનિયાભરમાં લગભગ ૪૨.૫ કરોડ લોકોએ જોઈ. ભારત અને ચીનમાં પણ નવા વર્ષને લઈ જોરદાર ઉત્સાહ જોવા મળ્યો હતો. ભારતમાં નવા વર્ષના જશ્નને લઈ રાજધાની દિલ્હી, મુંબઈ સહિત ઘણા શહેરોમાં ગાઈડલાઈન્સ જાહેર કરવામાં આવી હતી અને કડક સુરક્ષાની પણ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જો કે નવા વર્ષની ઉજવણી આ વખતે થોડી ફિક્કી જોવા મળી છે, કારણ કે દુનિયા ૨ જગ્યા પર યુદ્ધનો માર સહન કરી રહી છે. યુક્રેન અને ગાઝામાં ચાલી રહેલા યુદ્ધના કારણે દુનિયાભરમાં નવા વર્ષની ઉજવણી ફિક્કી પડી ગઈ. પાકિસ્તાન પણ ગાઝા યુદ્ધના કારણે નવા વર્ષની ઉજવણી કરી રહ્યું નથી. પાકિસ્તાન સરકારે પેલેસ્ટાઈન પ્રત્યે એકજૂથ થવા માટે નવા વર્ષની પૂર્વ સંધ્યા પર આયોજિત તમામ સમારોહ પર પ્રતિબંધ લગાવી દીધો છે.

જો કે સિડનીમાં મોટી સંખ્યામાં રવિવારે સવારથી જ સિડની હાર્બર બ્રિજના કિનારે લોકો હાજર થઈ ગયા છે. ૭ ઓક્ટોબરે હમાસના ઈઝારેયલ પર હુમલા બાદ અહીં ઓપેરા હાઉસને ઈઝરાયેલી ધ્વજના રંગથી સજાવવામાં આવ્યું છે. ત્યારે કડક સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. આજ પ્રકારે અમેરિકાના ન્યૂયોર્કના ટાઈમ્સ સ્કેવર પર અધિકારીઓ અને પાર્ટી આયોજકો તરફથી કહેવામાં આવ્યું છે કે તે મોટી સંખ્યામાં લોકોને સ્વાગત કરવા અને તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવાને લઈ તૈયાર છે. ફ્રાન્સમાં પણ નવા વર્ષની ઉજવણીને લઈ સુરક્ષા વધારી દેવામાં આવી છે.

### મોદીએ દેશવાસીઓને ૨૦૨૪ની શુભેચ્છા પાઠવી

## ભારતનો દરેક ખૂણો આત્મવિશ્વાસથી ભરેલો છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

**પીએમ મોદીએ કહ્યું કે આજે આપણી સંયુક્ત યાત્રાનો ૧૦૮મો એપિસોડ છે, ૧૦૮ નંબરનું મહત્વ અને તેની પવિત્રતા અહીં ઊંડા અભ્યાસનો વિષય છે**

। નવી દિલ્હી, તા.૩૧ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે (૩૧ ડિસેમ્બર) તેમના રેડિયો કાર્યક્રમ મન કી બાત દ્વારા દેશની જનતાને સંબોધિત કરી હતી. આ વર્ષનો આ છેલ્લો મન કી બાત કાર્યક્રમ છે. પીએમ મોદીએ કહ્યું કે જે રીતે હું મારા પરિવારના લોકોને મળ્યા પછી અનુભવું છું, આ રેડિયો પ્રોગ્રામ દ્વારા તમારા લોકો સાથે વાત કર્યા પછી મને એવું જ લાગે છે. વડાપ્રધાન મોદીએ દેશવાસીઓને ૨૦૨૪ની શુભેચ્છા પાઠવી હતી.

પીએમ મોદીએ કહ્યું કે આજે આપણી સંયુક્ત યાત્રાનો ૧૦૮મો એપિસોડ છે. ૧૦૮ નંબરનું મહત્વ અને તેની પવિત્રતા અહીં ઊંડા અભ્યાસનો વિષય છે. જપમાળામાં ૧૦૮ મન, ૧૦૮ વખત જાપ, ૧૦૮ દિવ્ય ગોળા, મંદિરોમાં ૧૦૮ સીડી, ૧૦૮ ઘંટ... ૧૦૮ ની આ સંખ્યા અનંત શ્રદ્ધા સાથે સંકળાયેલી છે. એટલા માટે મન કી બાતનો ૧૦૮મો એપિસોડ મારા માટે વધુ ખાસ બની ગયો છે. અમે આ ૧૦૮ એપિસોડમાં જનભાગીદારીના ઘણા ઉદાહરણો જોયા છે. રેડિયો કાર્યક્રમમાં પીએમ મોદીએ કહ્યું કે આ ૧૪૦ કરોડ



ભારતીયોની તાકાત છે કે આપણા દેશે આ વર્ષે ઘણી વિશેષ સિદ્ધિઓ હાંસલ કરી છે. આજે ભારતનો દરેક ખૂણો આત્મવિશ્વાસથી ભરેલો છે. તે વિકસિત ભારતની ભાવના અને આત્મનિર્ભરતાની ભાવનાથી તરબોળ છે. પીએમ મોદીએ કહ્યું કે આપણે ૨૦૨૪માં પણ આ જ ભાવના અને ગતિ જાળવી રાખવાની છે. તેમણે લોકોને નવા વર્ષ ૨૦૨૪ની શુભકામનાઓ પણ પાઠવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત ઈનોવેશન હબ બનવું એ હકીકતનું પ્રતિક છે કે આપણે અટકવાના નથી. ૨૦૧૫ માં, અમે વૈશ્વિક ઈનોવેશન રેક્રમાં ૮૧મા ક્રમે હતા, આજે અમારો ક્રમ ૪૦મો છે. તેમણે કહ્યું કે આ વર્ષે ભારતમાં દાખલ કરાયેલી પેટન્ટની સંખ્યા વધુ છે, જેમાંથી લગભગ ૬૦% સ્થાનિક ભંડોળમાંથી છે. આ વખતે ઊજી એશિયા યુનિવર્સિટી રેકિંગમાં સૌથી વધુ ભારતીય યુનિવર્સિટીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. પીએમ મોદીએ કહ્યું કે ભારતના પ્રયાસોને કારણે ૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય બાજરી વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું. આનાથી આ ક્ષેત્રમાં કામ કરતા સ્ટાર્ટઅપ્સને ઘણી તકો મળી છે. જેમ જેમ શારીરિક સ્વાસ્થ્યમાં રસ વધી રહ્યો છે તેમ તેમ આ ક્ષેત્ર સાથે સંબંધિત કોચ અને ટ્રેનર્સની માંગ પણ વધી રહી છે. તેમણે કહ્યું કે આજે શારીરિક સ્વાસ્થ્ય અને વધુ સારા સ્વાસ્થ્ય વિશે ઘણી ચર્ચા થઈ રહી છે, પરંતુ તેની સાથે જોડાયેલ બીજું મહત્વનું પાસું છે માનસિક સ્વાસ્થ્ય. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારતીય ક્રિકેટર હરમનપ્રીત કૌરે તેમને કહ્યું કે નિયમિત કસરત અને ૭ કલાકની સંપૂર્ણ ઊંઘ શરીર માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે અને ફિટ રહેવામાં મદદ કરે છે.

**વડાપ્રધાન મોદી લક્ષદ્વીપની મુલાકાત લેનાર છે**

## મોદી નવા વર્ષે દુનિયાના સુંદર ટાપુ પર કરશે રાત્રી રોકાણ

### પ્રફુલ પટેલ હિંમતનગર, દમણ, દીવ, સેલવાસ અને લક્ષદ્વીપની કાયાપલટ કરવામાં સફળ રહ્યા છે

। લક્ષદ્વીપ, તા.૩૧ ।

નવા વર્ષ ૨૦૨૪ ને આવકારવા માટે દુનિયા ભરમાં થનગનાટ જોવા મળી રહ્યો છે. પરંતુ નવા વર્ષમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દુનિયાના સૌથી સુંદર ટાપુઓમાં જેની ગણના થાય છે એ લક્ષદ્વીપની મુલાકાત લેનાર છે. વડાપ્રધાન મોદી જે ટાપુઓના સમુહની મુલાકાત લેનાર છે, તેની કાયાપલટ ગુજરાતીએ કરી છે. વડાપ્રધાન મોદી ૨ જાન્યુઆરી ૨૦૨૪એ તામીલનાડુથી સીધા લક્ષદ્વીપ પહોંચનાર છે. જ્યાં વડાપ્રધાન પબ્લીક મિટિંગ કરશે અને લક્ષદ્વીપના વિકાસને લઈ વાત કરશે. રાત્રી રોકાણ લક્ષદ્વીપમાં કરી બીજે દિવસે કેરળની મુલાકાત લેશે. ગુજરાતી નેતા પ્રફુલ પટેલ લક્ષદ્વીપના પ્રશાસક પદને સંભાળે છે. તેઓએ પદને સંભાળતા વેંત જ સુંદર સ્થળને નિખારવા માટે શક્ય તમામ પ્રયાસો શરુ કર્યા છે. પ્રફુલ પટેલની ઓળખ વિકાસને માટે જાણીતી છે, તેઓએ હિંમતનગર, દમણ, દીવ, સેલવાસ અને લક્ષદ્વીપની કાયાપલટ કરવામાં સફળ રહ્યા છે. પ્રફુલ પટેલ હિંમતનગરના પૂર્વ ધારાસભ્ય અને ગુજરાતના પૂર્વ ગૃહરાજ્ય પ્રધાન રહી ચૂક્યા છે.

લક્ષદ્વીપના સુંદર દરિયામાં વોટર વિલા મોટા પ્રમાણમાં તૈયાર કરવામાં આવી રહ્યા છે. અહીં પ્રવાસીઓનો ધસારો રહેતો હોય છે, જેને ધ્યાનમાં રાખીને પ્રવાસીઓની સુવિધાઓ વધારવા માટે પ્રયાસ કરવામાં આવ્યો છે. લક્ષદ્વીપ ક્યુબા માટે પણ જાણીતું સ્થળ છે અને દેશ વિદેશથી અહીં આ માટે પ્રવાસીઓ આવે છે. સ્થાનિક લોકોને રોજગારી અને શિક્ષણ માટે વિશેષ પ્રયાસો કરવામાં આવ્યા છે. મત્સ્યઉદ્યોગ, પશુપાલન, ખેતી, બાગાયતી, સહિત અનેક પ્રકારે રોજગારી વધારવા માટે પ્રયાસ કરવામાં આવ્યો છે. જેથી સ્થાનિકોનું જીવન ધોરણ વધારે ઉંચુ થઈ શકે.

સુંદર ટાપુનો દરિયા કિનારો અદ્ભૂત છે. અહીં એકદમ સ્વચ્છ દરિયાઈ પાણી, ૧૧ લાખ નારીયેળીના વૃક્ષો અને વ્હાઈટ સેન્ડ સાથે કુદરતી સૌંદર્ય જબરદસ્ત છે. જે પ્રવાસન માટે સુંદર સ્થળ છે અને એટલે જ તેનો વિકાસ પ્રફુલ પટેલે હાથ ધર્યો છે. અહીં વધુ મોટું એરપોર્ટથી લઈને હજુ અનેક સુવિધાઓના કાર્યો ઝડપભેર હાથ ધરાયા છે. પ્રવાસીઓની જરુરિયાતોને ધ્યાનમાં રાખીને તમામ નવી સુવિધાઓ ઉભી કરાશે અને માલદીવ સહિતના પર્યટન સ્થળોને ભૂલાવી દેશે. માલદીવનું હવાઈ અંતર લક્ષદ્વીપ થી માત્ર ૧૫ મિનિટ છે. વડાપ્રધાન મોદીને આવકારવા માટે તમામ તૈયારીઓ લક્ષદ્વીપ માં કરી દેવામાં આવી છે. પ્રશાસન દ્વારા તૈયારીઓને લઈ છેલ્લા કેટલાક દિવસથી પૂરજોશમાં કાર્ય હાથ ધરાયા હતા.

### વડાપ્રધાને ગુજરાતના ડાયરાના કલાકાર જગદીશ ત્રિવેદીને યાદ કર્યા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૨૩ના છેલ્લા દિવસે મન કી બાતમાં સંબોધન કર્યું હતું. મોદીએ કહ્યું કે, ૨૦૨૩માં ભારતે અનેક વિશેષ ઉપલબ્ધિઓ મેળવી. નવી ઉર્જા સાથે હવે આપણે આગળ વધવાનું છે. આ સાથે જ ँર મોદીએ દેશવાસીઓને નવા વર્ષની શુભકામના આપી. ત્યારે મન કી બાતમાં વડાપ્રધાને ગુજરાતના ડાયરાના કલાકાર જગદીશ ત્રિવેદીને યાદ કર્યા હતા. તેમણે કહ્યું કે ડાયરામાં આવેલા દાનનો એક રૂપિયો તેમણે પોતાની પાસે નથી રાખ્યો. વર્ષ ૨૦૧૭માં ૫૦ વર્ષના થયા બાદ તેમણે આવક દાન કરી. મન કી બાતમાં પીએમ મોદીએ ગુજરાતના કલાકારનો ઉલ્લેખ કર્યો તેમજ તેમની કામગીરીને બિરદાવી હતી. લોક સાહિત્યકાર જગદીશ ત્રિવેદીના વડાપ્રધાને વખાણ કર્યા હતા. જગદીશ ત્રિવેદીએ સેવાનું સરવૈયું નામથી પુસ્તક લખ્યું છે. જેમાં ડાયરાથી થયેલી કમાણી અને તેના ખર્ચનો જગદીશ ત્રિવેદીએ હિસાબ આપ્યો છે. ૨૦૧૭ માં ૫૦ વર્ષના થયા બાદ જગદીશ ત્રિવેદી ડાયરાની કમાણી માત્ર સામાજિક કાર્યો માટે વાપરે છે. જગદીશ ત્રિવેદીના સંકલ્પ અને કાર્યની પ્રધાનમંત્રીએ ભરપૂર પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે, જગદીશ ત્રિવેદીના ડાયરા લોકોને ખૂબ જ પસંદ આવે છે. 3 Ph.D.ની ડિગ્રી ધરાવતા જગદીશ ત્રિવેદીએ ૭૫ પુસ્તકો લખ્યાં છે. અત્યાર સુધીમાં પોણા ૯ કરોડથી વધુ રૂપિયા જગદીશ ત્રિવેદીએ દાનમાં આપ્યા છે. મન કી બાત કાર્યક્રમમાં પીએમ મોદીએ કહ્યું કે આ વર્ષે આપણા ખેલાડીઓએ રમતગમતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. અમારા ખેલાડીઓએ એશિયન ગેમ્સમાં ૧૦૭ મેડલ અને એશિયન પેરા ગેમ્સમાં ૧૧૧ મેડલ જીત્યા છે. તો ક્રિકેટ વર્લ્ડ કપમાં ભારતીય ખેલાડીઓએ પોતાના પ્રદર્શનથી દરેકના દિલ જીતી લીધા હતા. મોદીએ કહ્યું કે ભારતનું 'ઈનોવેશન હબ' બનવું એ દર્શાવે છે કે આપણે અટકવાના નથી. ૨૦૧૫માં આપણે ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સમાં ૮૧મા ક્રમે હતા. જો કે આજે આપણે ૪૦મા ક્રમે છીએ.

### બિગ બોસના ઘરમાં આયેશાની તબિયત લથડી, હાલત ગંભીર

(જી.એન.એસ)

। જેરૂસલેમ, તા.૩૧ ।

બિગ બોસ ૧૭ના વીકેન્ડ વોરમાં ઘણો ડ્રામા જોવા મળ્યો છે. સલમાન ખાને શોમાં વાઈલ્ડ કાર્ડ બનીને આવેલી આયેશા ખાનને ઠપકો આપ્યો હતો. આયેશા ખાન સલમાનના ઠપકા સહન ન કરી શકી. બીજી બાજુ મન્નારા સાથેની તેની દલીલ તેને વધુ પરેશાન કરી રહી હતી. સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં જોઈ શકાય છે કે આયેશા તેના રૂમમાંથી રડતી રડતી બહાર આવે છે.. આયેશા ખાન રૂમમાંથી બહાર આવતાની સાથે જ ત્યાં આગળ ઢળી પડે છે અને બેહોશ થઈ જાય છે. જે બાદ મુનવ્વર સહિત પરિવારના અન્ય તમામ સભ્યો તેને તરત જ ઉપાડીને મેડિકલ રૂમમાં લઈ ગયા. ડૉક્ટર ત્યાં આવે છે અને તેની હેલ્થ ચેક કરે છે.

### ભારતમાં ICU બેડનો નિયમ બદલી દેવાયો

## ICU વિભાગને લઈને નવી ગાઈડલાઇન જારી કરાઈ

### દેશના ૨૪ ટોપ ડોક્ટરોની પેનલ દ્વારા તૈયાર કરવામાં આવી છે, જેમાં ઘણી મેડિકલ કન્ડિશન જણાવવામાં આવી છે

। નવી દિલ્હી, તા.૩૧ ।

ભારત સરકાર તરફથી પહેલી વખત દેશના હોસ્પિટલના ઈન્ટેન્સિવ કેર યુનિટ એટલે કૈં ઼ઝેં વિભાગને લઈને નવી ગાઈડલાઈન જારી કરવામાં આવી છે. દેશના ૨૪ ટોપ ડોકટરોની પેનલ દ્વારા તૈયાર કરવામાં આવી છે, જેમાં ઘણી મેડિકલ કન્ડિશન જણાવવામાં આવી છે અને તેને ધ્યાનમાં રાખીને દર્દીને ICUમાં દાખલ કરવાની જરૂર પડે છે. આ ગાઈડલાઈન અનુસાર હળવી બેભાનતાની સ્થિતિ કે જેને શ્વસન સહાયની જરૂર હોય, આ સિવાય ગંભીર બીમારીની સ્થિતિ કે જેમાં સઘન દેખરેખની જરૂર હોય, જ્યારે ઓપરેશન પછી તબિયત બગડવાનો ભય હોય અને તે દર્દીઓ જેઓ મોટી ઈન્ટ્રાઓપરેટિવ જટિલતાઓમાંથી પસાર થઈ રહ્યા હોય એ જ દર્દીને ICUમાં એડમિટ કરવાની જરૂર હોય છે. બીજી તરફ, એવા દર્દીઓને આઈસીયુમાંથી બહાર રાખવાની ભલામણ કરવામાં આવી છે, જેમને તેની કોઈ ખાસ જરૂર નથી અથવા જેમની સ્થિતિમાં સુધારો થવાનો કોઈ ખાસ અવકાશ નથી. માર્ગદર્શિકા બનાવનારી પેનલનો ભાગ રહેલ ડોક્ટરે કહ્યું, "ICU એક મર્યાદિત સંસાધન છે. આ માર્ગદર્શિકાનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે તેનો ઉપયોગ વિવેકપૂર્ણ અને જરૂરિયાત રીતે થઈ શકે, જેથી જેમને તેની સૌથી વધુ જરૂર હોય તેમને પ્રાથમિકતા મળે. આ ગાઈડલાઈન એટલા માટે બનાવવામાં આવી છે કે ICUનો યોગ્ય રીતે ઉપયોગ કરી શકાય.' જણાવી દઈએ કે આ માર્ગદર્શિકા હોસ્પિટલો માટે બંધનકર્તા નથી અને માત્ર માર્ગદર્શન માટે છે. દેશમાં ICU બેડની ભારે અછત છે. સેન્ટર ફોર ડિસીઝ ડાયનેમિક્સ, ઈકોનોમિક્સ એન્ડ પોલિસી (CDDEP) અનુસાર, દેશમાં ૯૫,૦૦૦ ICU બેડ અને ૪૮,૦૦૦ વેન્ટિલેટર છે. આ સામાન્ય પરિસ્થિતિઓમાં જરૂરી કરતાં ૨.૮ ગણું ઓછું છે. દેશમાં હાલના મોટાભાગના ICU બેડ ખાનગી હોસ્પિટલો અને મોટા શહેરોમાં છે. જેના કારણે ગરીબ અને ગ્રામ્ય વિસ્તારના લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.









મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે વાઈબ્રન્ટ અમદાવાદ ફલાવર શો ૨૦૨૪ પ્રજાજનો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત વાઈબ્રન્ટ અમદાવાદ ફલાવર શો ૨૦૨૪માં આ વખતે વિવિધ પ્રકારના ૧૫ લાખથી વધુ ફૂલ-છોડના રોપા મૂકવામાં આવ્યા છે, જે શહેરીજનો માટે અનેરું આકર્ષણ બની રહેશે. આ ફૂલ-છોડમાં પિટુનિયા, ગજેનિયા, બિગોનિયા, તોરણીયા, મેરીગોલ્ડ, લિલિયમ, ઓર્ચિડ, ડહેલિયા, એમરન્સ લીલી, કેક્ટસ પ્લાન્ટ, જરબેરા જેવા અનેક દેશી-વિદેશી ફૂલોનો સમાવેશ કરાયો છે અને વિદેશી ફૂલ-છોડના રોપા પણ મૂકવામાં આવ્યા છે. વધુમાં આ ફલાવર શોમાં ૭ લાખથી વધુ રોપા દ્વારા ૪૦૦ મીટર લાંબુ ફલાવર સ્ટ્રકચર પ્રદર્શિત કરવામાં આવનાર છે.

### ગુજરાત સાયન્સ સિટી ખાતે

## ભારતની સૌથી મોટી રોબોટિક સ્પર્ધા રોબોફેસ્ટ ગુજરાત ૩.૦નુ સમાપન




। અમદાવાદ, તા.૩૧ ।

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી ખાતે ગુજકોસ્ટ અને સાયન્સ સિટીના સંયુક્ત ઉપક્રમે ૨૯-૩૧મી ડિસેમ્બર, ૨૦૨૩ દરમિયાન ભારતની સૌથી મોટી રોબોટિક્સ સ્પર્ધા **"ROBOFEST-GUJARAT 3.0"** એન્જિનિયરિંગ ધ ફ્યુચર કોમ્પિટિશનની ગ્રાન્ડ ફિનાલેનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાયન્સ સિટીમાં રોબોટિક ગેલેરી ખાતે ૨૯-૩૧મી ડિસેમ્બર, ૨૦૨૩ દરમિયાન ગ્રાન્ડ ફિનાલેમાં કુલ ૬૭ ટીમો, ૩૩૦ વિદ્યાર્થીઓ, ૫૦ થી વધુ માર્ગદર્શકોએ ભાગ લીધો હતો. તે સાત અલગ અલગ કેટેગરીમાં કાર્યરત રોબોટ્સના પ્રોટોટાઈપનું પ્રદર્શન હતું. આ સ્પર્ધામાં કુલ ઈનામની રકમ રૂ. ૫.૦૦ કરોડ રાખવામાં આવી હતી.

**GUJCOST** એ ૨૯મી ઑક્ટોબર, ૨૦૨૨ના રોજ "રોબોફેસ્ટ-ગુજરાત ૩.૦" એન્જિનિયરિંગ ધ ફ્યુચર કોમ્પિટિશન શરૂ કરી હતી જેની કુલ ઈનામી રકમ રૂ. ૫.૦ કરોડ રાખવામાં આવી હતી. આ સ્પર્ધાનો ઉદ્દેશ્ય દેશના વિદ્યાર્થીઓમાં રોબોટિક્સની સંસ્કૃતિ કેળવવાનો છે. ભારતની સૌથી મોટી રોબોટિક્સ કોમ્પિટિશનના ત્રણ દિવસીય એક્સ્ટ્રાવેગેન્ઝાના વેલેડિક્ટરી પ્રોગ્રામ દરમિયાન ગ્રાન્ડ ફિનાલેના તમામ સહભાગીઓ સાથે ટેકનિકલ એડવાઈઝરી કમિટીના સભ્યો સાથે ઈન્ટરેક્ટિવ સત્ર હતું. આ સમિતિનું નેતૃત્વ ડો. દેબનિક રોય, વૈજ્ઞાનિક, રિમોટ હેન્ડલિંગ એન્ડ રોબોટિક્સ વિભાગ, ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર **(BARC)**, ભારત સરકાર દ્વારા કરવામાં આવ્યું હતુ. તેઓએ તમામ સહભાગીઓને વધુ મજબૂત પ્રોટોટાઈપ તૈયાર કરવા અને તેમના નવીન વિચારને સ્ટાર્ટ-અપ માં રૂપાંતરિત કરવાની સલાહ પણ આપી. **TAC** સભ્યોએ પણ તમામ ટીમોને તેમના રોબોટ્સના સફળ પ્રદર્શન માટે અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમનો પ્રાથમિક ઉદ્દેશ વિદ્યાર્થીઓને રોબોફેસ્ટ-ગુજરાત ૩.૦ પ્રોગ્રામ દ્વારા તેમના વિચારો અને નવીનતાઓ શોધવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો. આ કાર્યક્રમ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી **(GUJCOST)** અને ગુજરાત સાયન્સ સિટીની પહેલ છે.

### પશ્ચિમ રેલવે ના ૬૮મા રેલવે સપ્તાહની ઉજવણી – ૨૦૨૩

## મહાપ્રબંધક કે પ્રશંસનીય સેવાઓ બદલ અમદાવાદ મંડળના ૪ અધિકારીઓ અને ૧૧ રેલકર્મીઓને "વિશિષ્ટ રેલ સેવા પુરસ્કાર" (VRSP) પ્રદાન કર્યા



। અમદાવાદ, તા.૩૧ ।

પશ્ચિમ રેલવેની ૬૮મી રેલવે સપ્તાહ ઉજવણી, વિશિષ્ઠ રેલ સેવા પુરસ્કાર **(VRSP)**, ૨૦૨૩ શનિવાર, ૩૦ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ મુંબઈ ના યશવંતરાવ ચવ્હાણ સભાગૃહ માં યોજાઈ હતી. આ પ્રસંગે પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી અશોક કુમાર મિશ્રાએ વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ઉત્તમ પ્રશંસનીય કામગીરી બદલ અમદાવાદ મંડળના ૪ અધિકારીઓ અને ૧૧ કર્મચારીઓને તેમની શ્રેષ્ઠ અને વિશિષ્ટ રેલ સેવા પુરસ્કાર ના રૂપમાં વ્યક્તિગત પુરસ્કારો અર્પણ કર્યા હતા. અમદાવાદ મંડળ પર વિશિષ્ઠ રેલ સેવા પુરસ્કાર **(VRSP)** મેળવનાર અધિકારીઓમાં શ્રી કાલારામ મીણા, વરિષ્ઠ મંડળ ઈલેક્ટ્રિક એન્જિનિયર, શ્રી વિહાર ઠાકર, વરિષ્ઠ મંડળ મટેરિયલ મેનેજર, સુશ્રી નીલમ ચૌહાણ, મંડળ કોમર્શિયલ મેનેજર, શ્રી સુશાંત રંજન વરિષ્ઠ મંડળ મેડિકલ અધિકારી અને રેલવે કર્મચારીઓમાં અધિકારી સર્વશ્રી કૈલાશપતિ પાઠક. **CGC**, દેવેન્દ્રપાલ સિંહ **SSE**, મુકેશભાઈ રાઠવા ગેટમેન, રાજેશ કુમાર **SSE**, આશિષ પારીક ્સ્સ, શુભમ સિંહ ફિટર, જૈમિનીકાંતા શ્રીચંદન **ELF**, હરીશ ગિરિયાણી **CTNL**, મનોજ કુમાર સિંહ **SIPF**, સંદીપ વર્મા **SSE**, અને રમેશ ઠાકોર ડેપો સહાયક સમાવેશ થાય છે. અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર શર્માએ તમામ પુરસ્કાર વિજેતાઓને અભિનંદન પાઠવતા તેમને આગળ પણ આ સ્તર જાળવી રાખવા માટે પ્રેરણા આપી હતી. આ પુરસ્કાર સમારોહ દરેક વર્ષે પશ્ચિમ રેલવેના અધિકારીઓ અને કર્મચારીઓની ટીમની સખત મહેનત અને સમર્પણને સન્માનિત કરવા બદલ આયોજન કરવામાં આવે છે. જે હંમેશા પડકારોનો સામનો કરવા તૈયાર છે. આવનાર વર્ષે સમારોહનું હંમેશા એજ રીતે કુશળ અધિકારીઓ અને કર્મચારીઓમાંથી કેટલાક પસંદગી પામેલા લોકોને તેમની શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કરવામાં આવે છે. તે માત્ર અધિકારીઓ અને કર્મચારીઓને પોતાનું સર્વશ્રેષ્ઠ યોગદાન આપવા માટે પ્રોત્સાહિત કરે છે, એટલું જ નહીં પરંતુ આવનારા વર્ષમાં અન્ય લોકોને તેમનું શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે પ્રોત્સાહિત અને પ્રેરણા પણ આપે છે પરંતુ બીજા ને પણ આવનારા વર્ષમાં પોતાના સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે પ્રોત્સાહિત અને પ્રેરણા આપે છે.

### અમદાવાદ, જામનગર, ભાવનગરનો થશે વિકાસ

## રાજ્યના ચાર મહાનગરો માટે ૪૧૯ કરોડની વિકાસ કામોની ગ્રાન્ટ

। અમદાવાદ, તા.૩૧ ।

રાજ્યનો સોળે કળાએ વિકાસ ખીલે તે માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા અમદાવાદ સહિત રાજ્યના ચાર મહાનગરો માટે ૪૧૯ કરોડની વિકાસ કામોની ગ્રાન્ટ પર મંજૂરીની મહોર લગાવી દેવામાં આવી છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ શહેરી ક્ષેત્રોના સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટના ધ્યેય સાથે અમદાવાદ સહિત ૪ મહાનગરોને કુલ ૫૧૯ વિકાસ કામો માટે સમગ્રતયા રૂ. ૪૫૫.૩૫ કરોડ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શહેરી વિકાસની નેમ સાકાર કરવા ગુજરાતની સ્થાપનાના સ્વર્ણિમ જયંતી ઉજવણી વર્ષ-૨૦૧૦માં તત્કાલીન મુખ્યમંત્રી તરીકે શરૂ કરાવેલી સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ૪૫૫.૩૫ કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપેલી છે. અમદાવાદમાં થશે જન હિતના કામો અમદાવાદ મહાનગરપાલિકાને આઉટગ્રોથ વિસ્તાર વિકાસ કામો મામલે રોડના ૪૧ કામો, ડ્રેનેજના ૧૪ કામો, સ્ટ્રોમ વોટર ડ્રેઈનના ૨ તેમજ પાણી અને લાઈટના મળી ૧૨ કામો એમ કુલ ૬૯ કામો માટે ૧૮૫.૩૦ કરોડ રૂપિયા ફાળવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અનુમોદન આપ્યું છે. એટલું જ નહીં, ભાવનગર મહાનગર પાલિકાને શહેરના આઉટગ્રોથ વિસ્તારોમાં રોડ, આર.સી.સી, પેવર રોડ, સ્ટ્રોમ વોટર પાઈપલાઈન, લેક બ્યુટીફિકેશન, બ્રીજ નિર્માણ અને રોડ સ્ટ્રેન્ધનીંગના મળીને ૧૮ કામો માટે ૨૦.૯૫ કરોડ રૂપિયા ફાળવવાની મંજૂરી આપી છે. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં આઉટગ્રોથ વિસ્તાર વિકાસ કામો અન્વયે મુખ્યમંત્રીએ જુનાગઢ મહાનગરને રસ્તા અને ડ્રેનેજના કામો, રોડ રીસરફેસીંગ, મુખ્ય રસ્તાની બેય બાજુ ફુટપાથ, પેવર રોડ અને સિમેન્ટ કોક્રીટ બ્લોક્સ વગેરે માટે કુલ ૧૭.૬૧ કરોડ રૂપિયાના ખર્ચે ૨૧ કામો હાથ ધરવા સૈદ્ધાંતિક મંજૂરી આપી છે સાથે જ જામનગર મહાનગરપાલિકાને પણ આઉટગ્રોથ વિસ્તારના ૯ વિકાસ કામો માટે ૧૯.૮૫ કરોડ રૂપિયા ફાળવવામાં આવશે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના તહેત ફિઝકલ ઈન્ફ્રાજસ્ટ્રક્ચર ફેસેલિટીઝ કામો માટે પણ નગરો-મહાનગરોને નાણાં ફાળવવામાં આવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અન્વાયે જુનાગઢ મહાનગર પાલિકાને ૫૯.૮૧ કરોડ રૂપિયા રસ્તા, ડ્રેનેજ, બ્રિજ-બિલ્ડીંગ તેમજ સ્ટ્રીટલાઈટ અને અન્ય મળી કુલ ૨૯૧ કામો માટે ફાળવવાની અનુમતિ આપી છે. ભાવનગર મહાનગર પાલિકાને ભૌતિક આંતર માળખાકીય સુવિધામાં પેવર રોડ, રોડ વાઈડનીંગ, સી.સી. રોડ અને બ્લોક પેવિંગ તેમજ પીવાના પાણીની પાઈપલાઈન અને સપ્લાય લાઈન, તળાવો-ચેકડેમની મરામત વગેરે ૬૮ કામો માટે ૧૨૦.૪૮ કરોડ રૂપિયા ફાળવવામાં આવશે. આ યોજનામાં ભાવનગર મહાનગરપાલિકાને રોડ-રસ્તાના ૧૩ કામો માટે ૨૦.૯૫ કરોડ રૂપિયા અને જુનાગઢ મહાનગરપાલિકાને આવા ૩૦ કામો માટે ૧૦.૪૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવશે.

## આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે રમૂજી સંબંધીઓનો સાથ તમારી તાણ ઘટાડશે તથા તમને જેની જરૂર છે એવી નિરાંત તમને આપશે. આવા સંબંધીઓ મેળવવા બદ્દલ તમે નસીબદાર છો. આ વાત સારી રીતે સમજી લો કે દુઃખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો? ઘરમાં સુધારણા લાવવાની યોજના વિશે વિચારજો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે શારીરિક પીડા સહન કરવાની શક્યતા છે. તમારા શરીર પર વધુ તાણ લાવે તેવો કોઈપણ પ્રકારનો શારીરિક થાક ટાળવાનો પ્રયાસ કરો. પૂરતો આરામ લેવાનું યાદ રાખજો. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો? પારિવારિક મોરચો તકલીફદાયક બની શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. જે લોકો શેરબજાર માં રોકાણ કરે છે તેમના પૈસા આજે ડૂબી શકે છે. સમય રહેતા સાવચેત થયી જવું તમારા માટે સારું રહેશે? તાણભર્યો સમય પ્રર્વતશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે. કામનું દબાણ વધતા માનસિક તોફાન તથા અશાંતિ સર્જાશે. દિવસના ઉત્તરાર્ધમાં તમે આરામ મહેસૂસ કરશો.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. તમારા મિત્રો તથા સંબંધીઓને તમારી આર્થિક બાબતોનું સંચાલન ન સોંપતા, નહીંતર તમારૂં બજૅટ વેરવિખેર થઈ જશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં તમને મુશ્કેલી પડતી હોય તેવું લાગશે-કેમ કે તમારી તબિયત આજે બરાબર નથી. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમે જે રીતે અનુભવો છો તેના પર અંકુશ લાવવો રહ્યો. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશે? તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે. તમારા સંતાનને તમારી અપેક્ષાઓ પર પાર ઉતરતા જોઈ તમારૂં સપનું સાકાર થઈ રહ્યું હોવાનું લાગશે

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. પ્રૉપર્ટીને લગતા સોદા સાકાર થશે તથા અકલ્પ્ય લાભ લાવશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારી આસપાસના લોકો તમને ખૂબ જ અપેક્ષાયુક્ત લાગશે-તમે આપી શકો તે કરતાં વધારનું વચન આપતા નહીં-અને અન્યોને ખુશ કરવા તમારી જાતને થકાવટની હદ સુધી ન ખેંચતા. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારો નિખાલસ તથા નિર્ભિક મત તમારા મિત્રના અહંકારને ઠેસ પહોંચાડી શકે છે. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે. પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે કામનું દબાણ આજે તાણ તથા ટૅન્શન લાવી શકે છે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. પ્રિયપાત્ર વિના સમય પસાર કરવામાં મુશ્કેલીસર્જાશે. તમારું વ્યક્તિત્વ લોકો કરતા થોડું જુદું છે અને તમે એકલા સમય પસાર કરવા નું પસંદ કરો છો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે શ્રેષ્ઠ દિવસ. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશે? મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. આજે મિત્રતામાં ભંગ પડવાની પૂરેપૂરી શક્યતા હોવાથી ચોકસાઈ રાખો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે અસુરક્ષિતતા/દિશાહિનતાની ભાવના અસ્થિરતા સર્જી શકે છે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. નવજાત શિશુની તબિયત ચિંતાનું કારણ બની શકે છે. તમારા મિત્ર સાથે બહાર જાવ ત્યારે સારી રીતે વર્તો. તમારા ભૂતકાળમાંથી કોઈએ આજે તમારો સંપર્ક કરશે અને તમારો દિવસ યાદગાર બની જશે. તમારા જીવનસાથી આજે કદાચ વધુ પડતા વ્યસ્ત થઈ શકે છે.



અગરતલામાં નવા વર્ષની પૂર્વ સંધ્યાએ ચિત્રકામ કરી ૨૦૨૪ના નવા વર્ષના સ્વાગત માટે વિદ્યાર્થીઓએ તૈયારી કરી હતી.



નવા વર્ષના સ્વાગત માટે પટનામાં લોકોએ પોતાના ચહેરા પર વેલકમ ૨૦૨૪નું ચિત્ર દોરાવીને સ્વાગત માટે તૈયારી કરી હતી.



અમૃતસરમાં નવા વર્ષ ૨૦૨૪ માટે કોલેજના વિદ્યાર્થિનીઓએ પોતાના ચહેરા અને હાથ પર વેલકમ અને ન્યુયર લખાવેલું નજરે પડે છે.



શિમલામાં નવા વર્ષની ઉજવણી માટે પરંપરાગત હિમાચલી પોશાકમાં છોકરીઓએ ૨૦૨૪ વાળા ફુગ્ગાઓ હાથમાં પકડી ઉજવણી કરી હતી.

## ન્યૂઝ બ્રિફ

### જમ્મુ કાશ્મીરના લાલ ચોક પર ગરબે રમ્યા સુરતી લાલા



। જમ્મુ, તા.૩૧ ।

ઉત્તર ભારતમાં હાલ કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. ગુજરાતીઓ હિલ સ્ટેશનની બરફીલી વાદીઓમાં ફરવા નીકળી પડ્યા છે. ત્યારે સુરતીઓ પણ કાશ્મીર પહોંચ્યા છે. જ્યાં જમ્મુ કાશ્મીરના ફેમસ લાલ ચૌક પર સુરતી લાલાઓએ ભરપૂર મસ્તી કરી હતી. ગુજરાતીઓએ અહી ગરબા કર્યા હતા. આ વાયરલ વીડિયો લાલ ચોકનો છે. લાલ ચોક પર પહોંચેલા સુરતી લાલા કેટલા ખુશ છે તે આ વીડિયોમાં જોવા મળી રહ્યું છે. કાશ્મીર પહોંચેલા સુરતીઓએ લાલ ચોક પર મન મૂકીને ગરબા કર્યા હતા.

### દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮૪૧ નવા કેસ નોંધાયા

। નવી દિલ્હી, તા.૩૧ ।

દેશમાં ફરી એક વખત કોરોના કેસ વધવા લાગ્યા છે. ભારતમાં ૨૨૭ દિવસ પછી કોરોનાના સૌથી વધુ કેસ નોંધાયા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮૪૧ નવા કેસ નોંધાયા છે. ભારતમાં હાલ કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૪૦૩૯ પર પહોંચી છે. અત્યાર સુધીમાં કુલ ૪૪૪૭૫૬૦૨ લોકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે, જ્યારે કોરોનાથી કુલ ૫૩૩૩૬૧ લોકોના મોત થયા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા નવ કેસ નોંધાયા છે. નવા નોંધાયેલા કેસ સાથે રાજ્યમાં એક્ટિવ કેસની સંખ્યા વધીને પહોંચી ૬૬ પર પહોંચી છે જ્યારે ૧૩ દર્દીઓ એવા છે જેમણે કોરોનાને મ્હાત આપી રિકવર થયા છે. આરોગ્ય વિભાગે લોકોને એડવાઈઝરી જારી કરીને સાવચેત રહેવા અપીલ કરી છે.

### આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં સૌથી વધુ વિકેટ લીધી

# રવિન્દ્ર જાડેજા માટે વર્ષ ૨૦૨૩ બોલર તરીકે ઘણું સારું રહ્યું

। નવી દિલ્હી, તા.૩૧ ।

ટીમ ઈન્ડિયા વર્ષ ૨૦૨૩માં ભલે હૈં વર્લ્ડ કપ જીતવામાં સફળ ન રહી હોય, પરંતુ આ વર્ષ ટીમ ઈન્ડિયાના કેટલાક ખેલાડીઓ માટે ઘણું સારું રહ્યું છે. ખાસ કરીને ટીમ ઈન્ડિયાના સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા માટે વર્ષ ૨૦૨૩ બોલર તરીકે ઘણું સારું રહ્યું છે.

વાત જાણે એમ છે કે, આ વર્ષે રવિન્દ્ર જાડેજાએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં સૌથી વધુ વિકેટ લીધી હતી. આ મામલે રવિન્દ્ર જાડેજાએ ઓસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર મિચેલ સ્ટાર્ક અને પાકિસ્તાનના શાહીન શાહ આફ્રિદીને પાછળ છોડી દીધા છે. વર્ષ ૨૦૨૩માં રવિન્દ્ર જાડેજાએ ટીમ ઈન્ડિયા માટે ત્રણેય ફોર્મેટમાં ક્રિકેટ રમી છે. રવિન્દ્ર જાડેજાએ વર્ષ ૨૦૨૩માં ત્રણેય ફોર્મેટમાં મળીને સૌથી વધુ ૬૬ વિકેટ લીધી છે. ટીમ ઈન્ડિયાનો સ્પિન બોલર કુલદીપ યાદવ આ યાદીમાં બીજા સ્થાને છે. કુલદીપ યાદવે આ વર્ષે ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં ૬૩ વિકેટ લીધી છે. આ યાદીમાં ઓસ્ટ્રેલિયાનો ઝડપી બોલર મિચેલ સ્ટાર્ક પણ ૬૩ વિકેટ સાથે ત્રીજા સ્થાને છે. પાકિસ્તાનના ફાસ્ટ બોલર શાહીન શાહ આફ્રિદીનું નામ આ યાદીમાં ૬૨ વિકેટ સાથે ચોથા સ્થાન પર છે. ટીમ ઈન્ડિયાના ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજનું નામ પાંચમા નંબર પર આવે છે. મોહમ્મદ સિરાજે વર્ષ ૨૦૨૩માં ૬૦ વિકેટ પોતાના નામે કરી છે. ભારતીય ટીમ હાલમાં દક્ષિણ આફ્રિકા સાથે ૨ મેચની ટેસ્ટ શ્રેણી રમી રહી છે. શ્રેણીની પ્રથમ મેચ હાર્યા બાદ ટીમ ઈન્ડિયા ૦-૧થી પાછળ રહી ગઈ છે. હવે શ્રેણીની બીજી અને છેલ્લી મેચ કેપટાઉનમાં રમાશે.

### સેન્ચ્યુરિયનની પ્રથમ ટેસ્ટમાં ભારત હાર્યું હતું

# દ. આફ્રિકા સામેની બીજી ટેસ્ટમાં રવિન્દ્ર જાડેજાની વાપસીના સંકેત

। ડરબન, તા.૩૧ ।

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે સેન્ચુરિયનમાં પ્રથમ ટેસ્ટ મેચ રમાઈ હતી. આ મેચમાં ભારતને એક ઈનિંગ અને ૩૨ રનથી શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો. પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતીય ટીમ પોતાના વિકલ્પોને લઈને સંઘર્ષ કરતી જોવા મળી હતી. ભારતે રવિચંદ્રન અશ્વિન અને શાર્દુલ ઠાકુરને ૭માં અને ૮માં નંબર પર રમાડ્યા હતા, પરંતુ તેનાથી ટીમને કોઈ ફાયદો થયો ન હતો. હવે એવા અહેવાલો સામે આવ્યા છે કે રવિન્દ્ર જાડેજા સાઉથ આફ્રિકા સામેની બીજી ટેસ્ટ મેચમાં વાપસી કરી શકે છે. કમરમાં ખેંચાણના કારણે તે પ્રથમ ટેસ્ટ મેચ રમી શક્યો ન હતો. મળેલા અહેવાલો મુજબ પ્રથમ ટેસ્ટ મેચના ત્રીજા દિવસે જાડેજા સેન્ચુરિયનમાં ટ્રેનિંગ કરતો જોવા મળ્યો હતો. રવિન્દ્ર જાડેજાએ ૩૦થી ૪૦ મીટર શોર્ટ રન દોડતા પહેલા વોર્મ-અપ કર્યો અને સુપરસ્પોર્ટ પાર્કમાં હાજર લોકોએ કહ્યું કે તે મુશ્કેલીમાં દેખાયો ન હતો. ત્યારબાદ જાડેજાએ ભારતીય ટીમના અન્ય ફાસ્ટ બોલર મુકેશ કુમાર સાથે ૨૦ મિનિટ સુધી બોલિંગ કરી હતી. જાડેજાએ સતત એક જ જગ્યાએ બોલિંગ કરી હતી અને આ દરમિયાન તેને કમરનો દુખાવો કે ખેંચાણ જેવી કોઈ મુશ્કેલી ન હતી. આ ભારત માટે સારા સમાચાર છે. ચાહકોનું માનવું છે કે જાડેજા ટૂંક સમયમાં બીજી ટેસ્ટ મેચમાં ભારતીય ટીમમાં જોવા મળી શકે છે. બીજી ટેસ્ટ મેચ ૩ જાન્યુઆરીથી રમાશે. બીસીસીઆઈએ ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાનાર પ્રથમ ટેસ્ટ દરમિયાન મેચ શરુ થતા પહેલા જણાવ્યું હતું કે રવિન્દ્ર જાડેજા કમરમાં ખેંચાણના કારણે પ્રથમ ટેસ્ટ રમી શકશે નહીં.

# હિમાચલ પ્રદેશના મનાલીમાં ભારે ટ્રાફિક જામ સર્જાયો

### જમ્મુ કાશ્મીરનું ગુલમર્ગ બન્યું સ્વર્ગ, હિમવર્ષાથી સર્વત્ર જગ્યા પર પથરાઈ બરફની ચાદર : નદી-નાળા થીજી ગયા

। નૈનિતાલ, તા.૩૧ ।

વર્ષ ૨૦૨૩ના છેલ્લા દિવસે પ્રવાસન સ્થળ પર મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. નવા વર્ષ પહેલા ઉત્તર ભારતના ટુરિઝમ સ્પોટ પ્રવાસીઓથી ઉભરાયા હતા. હિમાલચ પ્રદેશના તમામ શહેરો, જમ્મુ કાશ્મીર, નૈનિતાલ બધે જ હાલ પ્રવાસીઓથી હાઉસફુલ માહોલ જોવા મળ્યો હતો. હિમાચલ પ્રદેશના મનાલીમાં ટ્રાફિક જામ સર્જાયો હતો તેમજ અનેક કિલોમીટર સુધી ગાડીઓ ટ્રાફિક જામમાં ફસાઈ હતી. સોલાંગથી મનાલી આવતા રસ્તા પર વાહન વ્યવહારને અસર થઈ હતી અને વાહનચાલકો સાવ ધીમે ગાડી ચલાવવા મજબૂર બન્યા હતા.

નવા વર્ષે પર્યટકોના ભારે ધસારાથી નૈનીતાલ હાઉસફૂલ બન્યું હતું. નૈનીતાલ શહેરની પાર્કિંગની ક્ષમતા પૂરી થઈ ગઈ હતી. પર્યટકોને શહેરની સીમા



પર જ રોકવામાં આવ્યા હતા. હોટેલ બુકિંગ વિના લોકોને નૈનીતાલમાં પ્રવેશ નહીં મળે તેવુ જણાવી દેવામાં આવ્યું હતું. હોટેલ પાસે પાર્કિંગ છે કે નહીં તેનો તંત્ર પુરાવો માંગી રહ્યું છે. જો હોટેલમાં પાર્કિંગ નહીં હોય તો ગાડી બોર્ડર પર છોડીને જ નૈનીતાલમાં એન્ટ્રી મળી રહી છે. ઉત્તરાખંડના નૈનીતાલમાં હોટેલ, રિસોર્ટ, હોમસ્ટે ફૂલ થઈ ગયા છે. હોટેલના ભાડામાં અધધ વધારો થયાની લોકોની ફરિયાદ થઈ રહી છે.

પૃથ્વીના સ્વર્ગ સમાન જમ્મુ કાશ્મીરમાં હાલમાં ચિલ્લાઈ કલાનો સમયગાળો ચાલી રહ્યો છે. જેના કારણે અહીંયા ભારે હિમવર્ષા થઈ રહી છે. હિમવર્ષાના કારણે મકાનો, રસ્તાઓ, પહાડો, વૃક્ષો સહિત સર્વત્ર જગ્યાએ સફેદ બરફની ચાદર પથરાઈ ગઈ છે. તો ગુલમર્ગમાં તાપમાન એટલું નીચે પહોંચી ગયું છે કે અહીંયા વૃક્ષો, નદી-નાળા, પાણીના નળ બરફમાં ફેરવાઈ ગયા છે. પરિણામે અહીંયાના સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. લોકો તાપણું કરીને કાતિલ ઠંડીથી બચવાનો પ્રયાસ કરી રહ્યા છે. હજુ આખો જાન્યુઆરી મહિનો કાશ્મીરમાં ચિલ્લાઈ કલાનનો સમયગાળો રહેવાનો હોવાથી લોકોને કાતિલ ઠંડીમાં ઠૂંઠવાવું પડશે તે નક્કી છે. જમ્મુ કાશ્મીરમાં હાલમાં કાતિલ ઠંડીની વચ્ચે પ્રવાસીઓનું ઘોડાપૂર ઉમટ્યું છે.

### કાશ્મીરમાં ઈસ્લામિક શાસન માટે ષડ્યંત્ર રચવાનો આરોપ

# કેન્દ્ર સરકાર એક્શનમાં : તહેરીક એ હુર્રિયત પર પ્રતિબંધ મુકાયો

। નવી દિલ્હી, તા.૩૧ ।

જમ્મુ-કાશ્મીરમાં અલગતાવાદી વિચારધારાને લઈને મોદી સરકારની એક મોટી કાર્યવાહી સામે આવી છે. તહરીક-એ-હુર્રિયત જમ્મુ-કાશ્મીર સંગઠનને ભારત સરકારે ગેરકાયદેસર સંગઠન જાહેર કર્યું છે. ભારત સરકારના આ પગલા પર ગૃહમંત્રી અમિત શાહે ટ્વીટ કર્યું છે. તમને જણાવી દઈએ કે નવા પેટા-લો હેઠળ તેને ગેરકાયદેસર સંગઠન જાહેર કરવામાં આવ્યું છે. ભારત સરકારના જણાવ્યા અનુસાર, તહરીક-એ-હુર્રિયત જમ્મુ કાશ્મીર છેલ્લા ઘણા વર્ષોથી જમ્મુ અને કાશ્મીરમાં અલગતાવાદી વિચારધારાને પ્રોત્સાહન આપવા માટે કામ કરી રહી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર કહ્યું, 'તહેરીક-એ-હુર્રિયત, જમ્મુ અને કાશ્મીરને UAPA હેઠળ 'ગેરકાયદેસર સંગઠન' જાહેર કરવામાં આવ્યું છે. ગૃહમંત્રીએ ઠ પર પોતાની પોસ્ટમાં લખ્યું, 'આ સંગઠન જમ્મુ-કાશ્મીરને ભારતથી અલગ કરવા અને ઈસ્લામિક શાસન સ્થાપિત કરવાની પ્રતિબંધિત પ્રવૃત્તિઓમાં સામેલ છે. આ જૂથ જમ્મુ અને કાશ્મીરમાં અલગતાવાદને પ્રોત્સાહન આપવા માટે ભારત વિરોધી પ્રચાર કરી રહ્યું છે અને આતંકવાદી પ્રવૃત્તિઓ ચાલુ રાખી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાની નીતિ હેઠળ, કોઈપણ વ્યક્તિ અથવા સંગઠન ભારત વિરોધી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા જોવા મળે તો તેને તરત જ નિષ્ફળ કરવામાં આવશે. તહરીક-એ-હુર્રિયત જમ્મુ અને કાશ્મીર એક અલગતાવાદી સંગઠન હતું જેની સ્થાપના સૈયદ અલી શાહ ગિલાની દ્વારા કરવામાં આવી હતી. ગિલાનીએ તેમની ભૂતપૂર્વ પાર્ટી જમાત-એ-ઈસ્લામી કાશ્મીર છોડ્યા પછી ૭ ઓગસ્ટ ૨૦૦૪ના રોજ તેની સ્થાપના કરવામાં આવી હતી. તે જાણીતું છે કે ગેરકાનૂની પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ (UAPA) હેઠળ, કેન્દ્ર સરકાર કોઈપણ સંગઠનને 'ગેરકાયદેસર' અથવા 'આતંકવાદી' જાહેર કરી શકે છે.

### હુમલામાં ૧૮ના મોત, ૧૦૮ ઈજાગ્રસ્ત

# મહિનાઓ બાદ યુક્રેનનો રશિયા પર મોટો હુમલો

। કિવ, તા.૩૧ ।

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા ૨૨ મહિનાથી યુદ્ધ ચાલી રહ્યું છે. રશિયા અને યુક્રેન વચ્ચે ફાટી નીકળેલ આ યુદ્ધ ક્યાં સુધી ચાલશે તે કહેવું ખૂબ જ મુશ્કેલ છે. યુદ્ધ દરમિયાન યુક્રેને રશિયાના બેલગોરોડમાં મોટો હુમલો કર્યો છે. આ હુમલામાં ૨ બાળકો સહિત ૧૮ લોકોના મોત થયા છે. જ્યારે ૧૦૮ લોકો ઘાયલ થયા હોવાના સમાચાર સામે આવ્યા છે. રશિયન અધિકારીઓએ યુક્રેન પર આ હુમલાનો આરોપ લગાવ્યો છે. પરંતુ કિવ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર વિગતો કે જવાબ આવ્યો નથી. અત્રે ઉલ્લેખનીય છે કે રશિયન સેનાએ શુક્રવારે સમગ્ર યુક્રેનમાં ૧૨૨ થી વધુ મિસાઈલો છોડી હતી. આ સિવાય ૩૬ ડ્રોન વડે અનેક હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા. યુદ્ધની શરૂઆત પછી યુક્રેન પર આ સૌથી મોટો રશિયન હુમલો ગણવામાં આવી રહ્યો. આ હુમલામાં ઓછામાં ઓછા ૩૯ નાગરિકોના મોત થયા હતા.

### બબ્બર ખાલસા માટે કામ કરે છે

# ગેંગસ્ટર લખબીર સિંહને ત્રાસવાદી ઘોષિત કરાયો

। નવી દિલ્હી, તા.૩૧ ।

ખાલિસ્તાન તરફી ત્રાસવાદીઓના મુદ્દે ભારત અને કેનેડા વચ્ચે તણાવ વધતો જાય છે ત્યારે ભારતે કેનેડા સ્થિત ગેંગસ્ટર લખબીર સિંહ લાંડાને ત્રાસવાદી ઘોષિત કર્યો છે. લખબીર સિંહ ત્રાસવાદના અનેક કેસમાં સામેલ છે અને તે બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ જૂથનો સભ્ય છે. ગૃહ મંત્રાલયે આ સંગઠનને ત્રાસવાદી જૂથ જાહેર કરેલું છે. આગામી દિવસોમાં તેને પકડીને ભારત લાવવા માટે પ્રક્રિયા થવાની શક્યતા છે. થોડા સમય અગાઉ કેનેડામાં ખાલિસ્તાનવાદી કટ્ટરપંથી હરદીપસિંહ નિજ્જરની હત્યા બાદ કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટૂડોએ ભારત પર ગંભીર આરોપો મૂક્યા હતા જેના કારણે બંને દેશોના સંબંધોમાં તણાવ પેદા થયો છે. ભારત-કેનેડા વચ્ચે સ્થિતિ હજુ સામાન્ય નથી થઈ ત્યાં વધુ એક કેનેડિયનને ત્રાસવાદી જાહેર કરવામાં આવ્યો છે.લખબીર સિંહની ઉંમર ૩૪ વર્ષ છે.

## તંત્રી લેખ...

# ભારત પર વિદેશી દેવું વધારે

ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વધતી અર્થવ્યવસ્થા છે, પરંતુ તેની સાથે જ દેવાંનો બોજ પણ વધી રહ્યો છે. હાલમાં આવેલ આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષના રિપોર્ટ અનુસાર દેશનું કુલ દેવું ચાલુ નાણાંકીય વર્ષના જુલાઈ-સપ્ટેમ્બર ત્રિમાસિકમાં વધીને ૨.૪૭ લાખ કરોડ ડોલર એટલે કે ૨૦૫ લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે. તેમાં કેન્દ્રનો હિસ્સો ૧૬૧ લાખ કરોડ અને રાજ્યોનો ૪૪ લાખ કરોડ રૂપિયા છે. આ હિસાબે દરેક ભારતીય પર એક લાખ ૪૦ હજાર રૂપિયાનું દેવું છે. ૨૦૧૪માં કેન્દ્ર સરકાર પર કુલ દેશ અને વિદેશ, બંને પ્રકારનું દેવું ૫૫ લાખ કરોડ રૂપિયા હતું. આ હિસાબે જોઈએ તો છેલ્લા નવ વર્ષમાં ભારત સરકાર પર સારું એવું દેવું વધ્યું છે. રિપોર્ટમાં રાજકોષીય ખાધનું વિવરણ પણ આપવામાં આવ્યું છે, જે હાલમાં ૯.૨૫ લાખ કરોડ રૂપિયા છે અને તે કુલ દેવાંના ૪.૫૧ ટકા છે. રાજકોષીય ખાધ સરકારની કુલ કમાણી અને ખર્ચ વચ્ચેનું અંતર હોય છે. આઈએમએફનું કહેવું છે કે ભારતનું સામાન્ય સરકારી દેવું ૨૦૨૮ સુધી તેના સકલ ઘરેલુ ઉત્પાદન એટલે કે જીડીપીના ૧૦૦ ટકાથી ઉપર પહોંચી શકે છે. જોકે એના પર નાણાં મંત્રાલયે અસહમતિ વ્યક્ત કરી છે. સરકારનું માનવું છે કે આ દેવાથી દેશની અર્થવ્યવસ્થાને જોખમ ઘણું ઓછું છે, કારણ કે એક તો મોટાભાગનું દેવું ભારતીય મુદ્રા એટલે કે રૂપિયામાં છે અને બીજું જીડીપીના મુકાબલે આ દેવાનો અનુપાત ઓછો છે. તેની સાથે જ આ સમયે ભારતની અર્થવ્યવસ્થા ૩.૩૫ લાખ કરોડ ડોલરની સાથે દુનિયાભરમાં પાંચમા નંબર પર છે. ૨૦૨૮ સુધી તેના ત્રીજા નંબરની અર્થવ્યવસ્થા બનવાની સંભાવના છે. આ સમયે દેશમાં રેલવે સ્ટેશન, એરપોર્ટ અને અન્ય જે આધારભૂત માળખું ઝડપથી બની રહ્યું છે, તેમાં પૈસા તો લાગશે જ. જાપાનનું દેવું તેના જીડીપીના ૨૫૫ ટકા છે તો ગ્રીસ અને સિંગાપોરનું ૧૬૭ ટકા, ઈટલીનું ૧૪૩ ટકા અને અમેરિકાનું ૧૨૩ ટકા છે. આ હિસાબે જોઈએ તો ભારતનું સામાન્ય સરકારી દેવું તેના જીડીપીના ૮૧ ટકા ઓછું જ કહેવાય. જોકે ભારત અને અન્ય વિકસિત દેશોના દેવાંમાં મોટું અંતર એ છે કે અન્ય વિકસિત દેશ પોતાના દેશની કેન્દ્રીય બેંક પાસેથી લોન લે છે, જ્યારે ભારત પર વિદેશી દેવું વધારે છે, જે વધી રહ્યું છે. વિકસિત દેશોની આવક પણ ભારતના મુકાબલે વધારે છે. એ દેશોમાં રેવડી યોજનાઓ નહિવત હોય છે. ત્યાં સરકારો માત્ર શિક્ષણ અને સ્વાસ્થ્ય સાથે જોડાયેલી સેવાઓ જ મફત આપે છે. તેનાથી વિપરીત દિક્ષણ ભારતથી શરૂ થયેલ મફતખોરી એટલે કે રેવડી સંસ્કૃતિનો સિલસિલો આજે આખા દેશમાં ફેલાઈ ગયો છે, જે સતત રાજકોષીય ખાધને વધારી રહ્યો છે. ભારતમાં કદાચ જ કોઈ એવી પાર્ટી હશે જેણે મફત રેવડી વહેંચવાની યોજના ન લાવી હોય. મફત ઘઉં-ચોખાથી માંડીને મફત સિલિન્ડર, મોબાઈલ સુધી આ બધી ચીજોમાં લોનની રકમ ખર્ચ કરાઈ રહી છે. હાલમાં ભારતના કુલ દેવામાં કોર્પોરેટ બોન્ડની હિસ્સેદારી ૨૧.૫૨ ટકાની સાથે લગભગ ૪૪ લાખ કરોડ રૂપિયા છે, જે ચિંતાજનક છે. માર્ચ ૨૦૧૪માં ભારત પર ૪૪૬.૩ અબજ ડોલર વિદેશી દેવું હતું, જે માર્ચ ૨૦૨૩ના અંતમાં વધીને ૬૨૯.૭ અબજ ડોલર સુધી પહોંચી ગયું.

## ચીની ગુબ્બારા ૪૦ અન્ય દેશોના આકાશમાં પણ જોવા મળ્યા

આ વર્ષે ૨૮ જાન્યુઆરીથી ૪ ફેબ્રુઆરી, ૨૦૨૩ સુધી અમેરિકા અને કેનેડાના આકાશમાં ચીની ગુબ્બારા ઉડવાના સમાચાર આખી દુનિયામાં ચર્ચાનો વિષય બની ગઈ. આ હાઈ-એલ્ટીટ્યૂટ ગુબ્બારાને ચીનના જાસૂસી ગુબ્બારા કહેવામાં આવ્યા. કેટલાક ગુબ્બારા અમેરિકાએ તોડી પાડ્યા. આ રીતે ચીની ગુબ્બારા ૪૦ અન્ય દેશોના આકાશમાં પણ જોવા મળ્યા હતા. આ ઘટના બાદ અમેરિકી વિદેશમંત્રી એન્ટની બ્લિંકને પોતાની બેજિંગ યાત્રા સ્થગિત કરી દીધી હતી.

૧૫ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ નેપાળના પોખરામાં યેતિ એરલાઈન્સનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું. આ દુર્ઘટનામાં ૫ ભારતીયો સહિત ૭૨ યાત્રીઓનાં મોત થઈ ગયાં હતાં. આ દુર્ઘટનાના પ્રાથમિક રિપોર્ટમાં ખુલાસો થયો હતો કે ફ્લાઈંગ પાયલટે લેન્ડિંગ માટે કોકપિટમાં લાગેલ ફ્લેપ લીવરને બદલે ભૂલથી એન્જિનનો પાવર સપ્લાય બંધ કરી દીધો હતો!

જાન્યુઆરી, ૨૦૨૩માં અમેરિકી શોર્ટસેલર કંપની 'હિંડનબર્ગ રિસર્ચ'એ અદાણી ગ્રુપ પર શેરોમાં મેનિપ્યુલેશનનો આરોપ લગાવ્યો હતો. ગૌતમ અદાણી દુનિયાના ત્રીજા સૌથી અમીર શખ્સ હતા, પરંતુ હિંડનબર્ગ રિપોર્ટ આવતાં જ તેમની સંપત્તિ ૧૨૦ અબજ ડોલરથી ઘટીને ૩૯.૯ અબજ ડોલર રહી ગઈ હતી. એટલે કે રાતોરાત અદાણીની સંપત્તિ ઘટીને ત્રીજા ભાગની થઈ ગઈ હતી. ૬ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ તુર્કી અને સીરિયામાં ૭.૮ અને ૭.૫ તીવ્રતાના બે વિનાશકારી ભૂકંપોથી તબાહી મચી ગઈ. આ વિનાશકારી ભૂકંપોને કારણે તુર્કીમાં ૫૦ હજારથી વધુ અને સીરિયામાં ૮ હજારથી વધુ એટલે કે કુલ ૫૯ હજારથી વધુ લોકોનાં મોત થઈ ગયાં હતાં. ૧૦ માર્ચ, ૨૦૨૩ના રોજ સમાચાર આવ્યા હતા કે શી જિનપિંગને ચીની સંસદે ત્રીજી વાર રાષ્ટ્રપતિ બનાવવા માટે સર્વસંમતિથી મતદાન કર્યું. એપ્રિલ, ૨૦૨૩માં ભારત ચીનને પછાડીને દુનિયાની સૌથી વધુ આબાદીવાળો દેશ બન્યો. એ જ મહિને ફિનલેન્ડ નાટોનું ૩૧મું સભ્ય બન્યું, જેનાથી ગઠબંધનની સંખ્યા બેગણી થઈ ગઈ. એપ્રિલના મધ્યમાં સૂડાની સશસ્ત્ર દળો અને અર્ધસૈનિક રેપિડ સપોર્ટ ફોર્સિસ વચ્ચે હિંસા ભડકી ઊઠી હતી. આ હિંસાને કારણે સુડાનથી મોટા પાયે વિસ્થાપન શરૂ થયું, જેની ખરાબ અસર પડોશી દેશો પર પડવાની જ હતી. મે, ૨૦૨૩માં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને જાહેરાત કરી કે કોવિડ-૧૯ હવે મહામારી નથી રહ્યો. શનિવાર ૬ મે, ૨૦૨૩ના રોજ લંડનના વેસ્ટમિંસ્ટર એબ્બેમાં ચાર્લ્સ તૃતિય અને રાણી કેમિલાનો રાજ્યાભિષેક થયો. જૂન ૨૦૨૩ના મોટા સમાચાર ટાઈટેનિકનો કાટમાળ જોવા ગયેલ સબમરીન ભારે દબાણને કારણે વિસ્ફોટનો શિકાર થઈ ગઈ. ખબર પડી કે આ સબમરીનમાં સવાર એક પાકિસ્તાની અબજોપતિ સહિત તમામ પાંચ લોકોનાં મોત થઈ ગયાં છે. જૂન, ૨૦૨૩માં અમેરિકી અને બ્રિટિશ વૈજ્ઞાનિકોની એક ટીમે શુક્રાણુ કે અંડકોષ વગર જ દુનિયાનું પહેલું માનવ સિંથેટિક ભ્રૂણ બનાવવામાં સફળતા મેળવી. ભારતના ભાગેડુ અને ખાલિસ્તાની ચળવળ ચલાવનારા હરદીપ સિંહ નિજ્જરની ૧૮ જૂન, ૨૦૨૩ના રોજ કેનેડામાં હત્યા કરી દેવામાં આવી. તેની હત્યા એ જ ગુરુદ્વારાની બહાર કરવામાં આવી જેનો તે અધ્યક્ષ હતો. આ મામલે અસલી તૂલ ત્યારે પકડ્યું જ્યારે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ ૧૮ સપ્ટેમ્બરે આ હત્યાકાંડમાં ભારત સામેલ હોવાનો આરોપ મૂક્યો. એટલું જ નહીં ભારતીય રાજદ્વારીને દેશ છોડવાના આદેશ આપી દીધા. આ આરોપનો ભારતે આકરો જવાબ આપ્યો અને બંને દેશો વચ્ચે સંબંધ સતત બગડતા ગયા.

# યાજ્ઞવલ્કય ઋષિની શીખ મુજબ ઘર ગૃહસ્થીમાં જેટલું મહત્વ અનુરાગનું છે, એટલું જ મહત્વ ત્યાગનું પણ છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા નિમિત્તે બધા બહુ ઉત્સુક છે પણ રામરાજ્યની વાતો કરવી એ બહુ સહેલી વાત છે, કારણ કે આપણે તેવી અપેક્ષા અન્ય પાસેથી રાખીએ છીએ. આપણાં તરફથી રામ રાજ્ય થાય એ માટેનું એક પણ પગલું ભરતા નથી, અને પાછી તોય નથી થતું એવી ફરિયાદ તો કરીએ જ છીએ. અવતારોની કથા ગાવાની પ્રણાલી આપણે ત્યાં એટલે જ છે, કે ચરિત્ર માંથી કોઈ બોધ ગ્રહણ કરી અને બુદ્ધ બનીએ, એટલે કે સત માર્ગે બુદ્ધિને વાળીએ. આજકાલ પુરા રાષ્ટ્રમાં હિન્દુ રાષ્ટ્રની ઉદઘોષણા કરનારા કરોડોમાં મળી આવશે, પરંતુ હિન્દુ સનાતન ધર્મના મુખ્ય મુખ્ય લક્ષણો વિશે જે જ્ઞાત પણ નથી, તે મોરચા ઉપાડી ને ફરે છે. ઉદારતા, શૂરવીરતા, માનવતા, અને સહિષ્ણુતા આ ચાર મુખ્ય સ્તંભ પર હિન્દુ સનાતન ધર્મ ઉભો છે. આપણામાં આ ચાર લક્ષણો નથી એવું નથી. પરંતુ જ્યાં તેનો પ્રયોગ કરવાનો હોય, ત્યાં થતો નથી. કારણ કે દ્રષ્ટિમાં હવે સ્વાર્થની મહત્તા વધી ગઈ છે. એટલે ઘણીવાર જ્યાં સહન કરવાનું ન્હોય, ત્યાં આંખ આડા કાન કરી સહિષ્ણુતા પણ દેખાડીએ છીએ. છેવટે બીજું કંઈ નહિ તો કોઈ જાણકાર પર વિશ્વાસ કરવો પડે, તો થોડે ઘણે અંશે પરિણામ મળે. બીજું આજની પરિસ્થિતિ પ્રમાણે જોઈએ તો રાષ્ટ્રની વસ્તી અધધ રીતે વધતી જાય છે, અને ત્યારે દરેક માટે રામરાજ્યની અવધારણા મુજબ વિચારવું એ કોઈ એક માટે થોડું કઠિન છે, પણ સાથી હાથ બઢાના, એમ સૌ કોઈ પોતાનુ દાયિત્વ સમજી અને કંઈક કરે તો જ પરિણામ આવે. આપણે હમણાં ચરિત્રની ઓળખમાં હિન્દુ સંસ્કૃતિના ઋષિ-મુનીઓની ગાથા વિશે ચિંતન કરી રહ્યા છીએ, તો આજે આપણે એવા જ એક ઋષિ યાજ્ઞવલ્કય વિશે ચિંતનમાં વાત કરીશું. યાજ્ઞવલ્કય ઋષિનો ઉલ્લેખ રામચરિતમાનસના પ્રયાગરાજના વટવૃક્ષ નીચે ભરદ્વાજ મુનિને કથા સંભળાવે છે, એ વાત પર થાય છે, અને યાજ્ઞવલ્કય ઋષિ મનુષ્ય એ રામકથા માંથી પ્રેરણા લઈ કેમ જીવવું કેવા કર્મ કરવા એ સમજાવે છે, માટે આ ઘાટને કર્મ ઘાટ તરીકે ઓળખવામાં આવે છે. રામચરિત માનસમાં ચાર ઘાટ બતાવવામાં આવ્યા છે. પ્રથમ ઘાટ જ્ઞાનનો ઘાટ કહેવાય છે, અને ત્યાં ભગવાન શંકર પાર્વતીને રામકથા સંભળાવી રહ્યા છે. બીજો ઘાટ ભક્તિનો ઘાટ છે, અને ત્યાં કાગભુષંડી ગરુડને રામકથા સંભળાવી રહ્યા છે. ત્રીજો ઘાટ કર્મનો ઘાટ કહેવાય છે, અને ત્યાં યાજ્ઞવલ્કય મહારાજ ભરદ્વાજ ઋષિને રામકથા સંભળાવી રહ્યા છે. તુલસીદાસજી રામચરિતમાનસ પોતાના મનને પ્રબોધીને સંભળાવે છે, અને સ્વાન્ત સુખાય રઘુનાથ ગાથા, એમ કહી તેને પૂર્ણ કરે છે. એટલે કે પોતાનું મન જ્યાં સુધી શરણાગતિ સ્વીકારે નહીં, ત્યાં સુધી તેને રામકથા સમજાતી નથી, તેથી તે ઘાટને શરણાગતિનો ઘાટ કહેવામાં આવે છે.

શ્રીમદ ભાગવત અનુસાર યાજ્ઞવલ્કય દેવરાતના પુત્ર છે, પરંતુ તે બ્રહ્માના અવતાર તરીકે પણ બતાવાયા છે. બ્રહ્મા એ પત્ની તરીકે ગાયત્રીનો સ્વીકાર કરતાં, સાવિત્રીએ તેને શ્રાપ આપ્યો, અને આ કારણસર તેણે યાજ્ઞવલ્કય રૂપે જન્મ લેવો પડ્યો,આ ઉપરાંત કૃષ્ણ યજુર્વેદના પ્રણેતા છે. તેમણે યાજ્ઞવલ્કય સ્મૃતિ નામનો ગ્રંથ પણ લખ્યો છે. મહર્ષિ વેદવાચક વૈશંપાયન તેના ગુરુ છે,અને એક દિવસ ગુરુનું બ્રહ્મ હત્યાનુ કંલક એક શિષ્ય લઈ લે છે, એ જોઈ તેમને હસવું આવે છે, આથી ગુરુ ક્રોધિત થઈ તેને આશ્રમ છોડી જવા કહે છે. તે આશ્રમ છોડી જાય છે, ત્યારે ગુરુએ શીખવેલું જ્ઞાન બમન એટલે કે ઉલ્ટી કરીને ચાલ્યા જાય છે. અન્ય ઋષિઓએ પોપટ બની તેમણે બમન કરેલા આ જ્ઞાનને ગ્રહણ કરે છે, અને તે પરથી આપણે ત્યાં તૈતરીય ઉપનિષદની રચના થઈ, આ ઉપરાંત યાજ્ઞવલ્કયના જીવન વિશે પુરાણમાં ઘણી વાતો લખી છે. સ્વર્ગની અપ્સરા ધૃતારીને જોઈ મોહિત થયેલા યાજ્ઞવલ્કયને દ્રોણાચાર્યને પણ તેના પુત્ર તરીકે બતાવાયાં છે, આ ઉપરાંત એક પુત્રી પણ તેને આ રીતે હતી. સૂર્ય સૂર્યદેવ પાસેથી જ્ઞાન મેળવનારા તરીકે પણ યાજ્ઞવલ્કયની વાત કરવામાં આવે છે.


યાજ્ઞવલ્કય ઋષિ એ ખૂબ જ આકરી તપશ્ચર્યા કરી અને ઘણી વિદ્યાઓ પ્રાપ્ત કરી હતી, તેમને બે પત્ની હતી મૈત્રેય અને કાત્યાયની. મહર્ષિ યાજ્ઞવલ્કયની આ બંને પત્નીના સ્વભાવ પણ જુદા હતા મૈત્રેય તેની સાથે શાસ્ત્રાર્થ કરી શકે એવી વિદુષી હતી ત્યારે કાત્યાયનીને ભોગ વિલાસ અને ધન સંપત્તિમાં રસ હતો. મહર્ષિ યાજ્ઞવલ્કયનું દાંપત્યજીવન પણ ખૂબ સુંદર હતું અને કેટલાય મહાનુભાવો એ તેમના ગૃહસ્થ જીવન પર ભાષ્યો અને ટીકાઓ લખી છે. ખાસ કરીને દંતાલી વાળા સચ્ચિદાનંદજી સ્વામી. વાનપ્રસ્થ વખતે યાજ્ઞવલ્કય પોતાની પત્નીને હવે હું મારા આ જન્મનો કે જીવનો ઉદ્ધાર કરવા માટે જાઉં છું, એવું કહેવા જાય છે, ત્યારે મૈત્રેય સાથે તેનો શાસ્ત્રાર્થ પણ બહુ જાણવા જેવો છે.

રાજા જનક યાજ્ઞવલ્કયના શિષ્ય હતા, અને આપણે સૌ જાણીએ છીએ કે રાજા જનક ખૂબ જ વૈરાગી તપસ્વી હતાં, તેમજ એના દરબારમાં બ્રહ્મવેત્તા ઋષિઓ સાથે શાસ્ત્રાર્થ કરવાની એક પ્રણાલી હતી. એકવાર રાજા જનક સો ગાયોનાં શિંગડા પર સુવર્ણ બાંધી અને રાખાવ્યું. ત્યારબાદ દરબારમાં ઉદઘોષણા કરે કે જે સંપૂર્ણપણે બ્રહ્મવેત્તા એટલે કે બ્રહ્મને જાણનાર ઋષિ હોય, તે આ ગાયોને લઈ જાય. બધા જ ઋષિઓ અંદરોઅંદર એકબીજા સામે જોવા લાગ્યા, ત્યાં યાજ્ઞવલ્કય કે પોતાના એક શિષ્યને કહ્યું કે તે આ ગાય લઈ જઈ, અને આશ્રમમાં બાંધી આવે. અન્ય ઋષિઓ કહે છે કે, આમ કઈ રીતે પોતાને બ્રહ્મવેત્તા ઋષિ તરીકે સાબિત કર્યા? એટલે યાજ્ઞવલ્કયે શાસ્ત્રાર્થ માટે રાજી થાય છે, અને બધાના શાંત ચિત્તે સુંદર જવાબ આપે છે. ઘણા બધાં ઋષિઓના શાસ્ત્રાર્થને અંતે જ્યારે એવું સિદ્ધ થવા લાગ્યું કે, યાજ્ઞવલ્કય બ્રહ્મવેત્તા ઋષિ છે. ત્યારે વાચકનું ઋષિની વિદૂષી પુત્રી ગાર્ગી સભામાં ઊભી થાય છે, અને તે યાજ્ઞવલ્કય સાથે શાસ્ત્રાર્થની અનુમતિ માંગે છે. જે ખરેખર બહુ ગહન પ્રશ્નો પુછે છે, જેને વિશે આપણે આવતીકાલે ચિંતનમાં વાત કરીશું. આમ યાજ્ઞવલ્કય ઋષિ ગાર્ગી અને મૈત્રેયી સાથે શાસ્ત્રાર્થ કરવા માટે વધુ પ્રસિદ્ધ થયા છે, અને આ બંને શાસ્ત્રાર્થ જીવન ઉપયોગી છે. વિશ્વ નાનું હોય કે મોટું, એટલે કે વસ્તીની રીતે. વ્યક્તિએ વધુ સમય રહેવાનું તો ઘર પરિવાર સાથે જ હોય છે, અને ત્યાં તે સારા અને સાચા થઈને રહે તો પરિવાર પ્રસન્ન રહી શકે,તો આપણે સૌ યાજ્ઞવલ્કય ઋષિના જીવનમાંથી પ્રેરણા લઈ શકીએ કે, પોતે ગમે તેટલી વિદ્યા કે સિદ્ધિના જાણકાર હોય, પણ પરિવારમાં તેનું કોઈ અહમ કે અભિમાન રાખ્યા વગર, અંદરોઅંદર પ્રેમથી રહેવું જોઈએ. એમણે પોતાની પત્ની મૈત્રેયીને બતાવ્યું હતું કે ઘર ગૃહસ્થીમાં જેટલું મહત્વ અનુરાગનું છે, એટલું જ મહત્વ ત્યાગનું પણ છે. એટલે કે એકબીજા સાથે અનુરાગથી જોડાઉં, અને એકબીજા માટે ત્યાગવુ, આ બંને ગુણ હોય તો જ દાંપત્ય જીવન ટકી શકે છે. આજના સાંપ્રત સમયમાં લગ્નજીવન નાની નાની બાબતમાં તૂટતાં જાય છે, ત્યારે તેમની આ શીખ બહુ કામ લાગે તેવી છે. પરિવારના સભ્યો અંદરો અંદર અનુરાગ એટલે કે પ્રેમથી જોડાયેલા રહે, અને એકબીજા માટે ત્યાગ કરતા રહે, તો પરિવાર તૂટતો બચી શકે છે. આપણે સૌ આપણા દાંપત્યમાં અનુરાગ અને ત્યાગ બંનેનું મહત્વ સમજી તેને અપનાવીએ, અને દામ્પત્યને પ્રસન્ન બનાવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# મનુષ્યને પરમાત્માને મળવાની ભૂખ ન જાગે ત્યાં સુધી તેને સંત મળે તો પણ તેને તેમાં સદભાવ થતો નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



કળીયુગના મનુષ્યો પોતાને ચતુર સમજે છે, પણ સંસારના વિષયો પાછળ પડે તે ચતુર નો? શાસ્ત્ર કહે છે સો કામને છોડીને ભોજન કરવું, હજાર કામ છોડીને સ્નાન કરવું, લાખ કામ નડીને દાન કરવું અને કરોડ કામ છોડીને પ્રભુનું સ્મરણ કરવું. ઘરનાં કાર્યો કર્યા પછી માળા ફેરવવી એમ નહીં, પરંતુ પ્રભુના નામનો જપ કર્યા પછી, માળા કાવ્યા પછી બધાં કાર્ય કરો. કરોડ કામ છોડીને પહેલું ભાગવત સ્મરણ કરવું. કળિયુગમાં મનુષ્યો કરવાનું છે તે કરતાં નથી અને જે નથી કરવાનું તેને પહેલું ડરે છે એટલે કળિયુગમાં મનુષ્યને સાસુર અને મંદબુદ્ધિ શક્તિવાળો કહ્યો છે.શૌનકજી કહે છે કે,અમને વિસ્તાર પૂર્વક શ્રીકૃષ્ણકથા સંભળાવો. શ્રીકૃષ્ણ કથામાં તૃપ્તિ નથી, સદર્શનમાં પણ અમને તૃપ્તિ નથી. ભગવાનની મંગલમય અવતાર-કથાઓનું અને ભગવાનની કોલા કથાનું વર્ણન કરો. કળિયુગમાં અધર્મ વધે છે, ત્યારે ધર્મ કોને શરણે જાય છે?તે અમને કહો સમુદ્ર પાર કરવાવાળા ને જેમ કર્ણધાર નાવિક મળી જાય,તેમ આપ અમને મળ્યા છો.

પરમાત્માના દર્શનની આતુરતા વિના સંત મળતા નથી. જીવને પરમાત્માનાં દર્શનની આતુરતા જાગે છે. પ્રભુ કૃપાથી સંત મળે છે. સ્વાદ ભોજનમાં નહીં પણ ભૂખમાં છે. મનુષ્યને પરમાત્માને મળવાની ભૂખ ન જાગે ત્યાં સુધી તેને સંત મળે તો પણ તેને તેમાં સદભાવ થતો નથી.વક્તાનો અધિકાર સિદ્ધ થવો જોઈએ. તે પ્રમાણે શ્રોતાનો અધિકાર પણ સિદ્ધ થવો જોઈએ. શ્રવણનાં ત્રણ પ્રધાન અંગો છેઃશ્રદ્ધા.શ્રોતાએ એકાગ્રતાથી,શ્રદ્ધાથી કથા સાંભળવી. જિજ્ઞાસા, શ્રોતામાં જિજ્ઞાસા હોવી જોઈએ. જિજ્ઞાસા ન હોય તો મન ઉપર કથાની અસર થશે નહીં. જાણવાની જિજ્ઞાસા ન હોય તો તેને કથા શ્રવણથી વિશેષ લાભ થતો નથી. નિમત્સરતા. શ્રોતાને જગતમાં કોઈ જીવ પ્રત્યે મત્સરભાવ ન હોવો જોઈએ. કથામાં દીન થઈને જવું જોઈએ. શિષ્યનો પણ અધિકાર જોવાય છે, શ્રોતાનો પણ અધિકાર જોવાનો છે. એક મહાત્મા રામાયણની કથા કરતા હતા. કથા પૂરી થઈ. એક જણે મહાત્માને પૂછ્યું, આપે કથા કહી પણ મને સમજાયું નહીં કે રાવણ રાક્ષસ હતો કે રામ રાક્ષસ હતા. મહાત્માએ કહ્યું,રાવણ રાક્ષસ નહીં કે રામ પણ રાક્ષસ નહીં. રાક્ષસ તો હું જ કે તને કશું અહીં શૌનક મુનિ સૂતજીને કહે છે કે, ભાગવત કથામાં અમને શ્રદ્ધા છે. તમારા પ્રત્યે આદર છે. અનેક જન્મોના પુણ્યનો ઉદય થાય, ત્યારે તમારા જેવા અધિકારી વક્તાના મુખેથી કથા સાંભળવાની તક મળે છે. અધિકારી વક્તા ને અધિકારી શ્રોતા, રુક્ષ્મણીએ શ્રીકૃષ્ણ પરના પોતાના પત્રમાં લખ્યું છે, તમારી કથા સાંભળીને તમને પરણવાની ઈચ્છા થઈ. 'સાંભળી'ને શબ્દ સમજવાનો છે. ભગવાનના ગુણો સાંભળવાથી ભગવાન પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થાય છે.

શ્રોતામાં વિનય જોઈએ તેમ વક્તામાં પણ વિનય જોઈએ. સૂતજી વિનયનો આદર્શ દાખવે છે. સૂતજીએ શ્રોતાઓને ધન્યવાદ આપ્યો છે. સૂતજી કહે છે, તમે સૌ સુયોગ્ય શ્રોતા છો. તમે શાંતિથી શ્રવણ કરો છો. એટલે મારું મન ભગવાનમાં સ્થિર થાય છે. તમે જ્ઞાની છો, પ્રભુપ્રેમમાં પાગલ છો. પરંતુ મારું કલ્યાણ કરવા તમે પ્રશ્ન કરો છો. કથા કરી હું તો મારી વાણીને પવિત્ર કરવા બેઠો છું. બાકી પ્રભુનો મહિમા ગાનાર હું કોણ? આરંભમાં સૂતજી શુકદેવજીને વંદન કરે છે, તે પછી ભગવાન નારાયણને નમસ્કાર કરે છે. ભારતના પ્રધાન દેવ નારાયણ છે. શ્રીકૃષ્ણ ગોલોકમાં પધાર્યા છે. સર્વ અવતારોની સમાપ્તિ થાય છે. આ નારાયણની સમાપ્તિ થઈ નથી અને થવાની નથી. ભારતની પ્રજા નું કલ્યાણ કરવા તે આજે તપશ્ચર્યા કરે છે.

શ્રી શંકરાચાર્યજી તો પરમ યોગી. તેઓ નરનારાયણનાં દર્શન કરે છે ત્યારે કહે છે કે, હું આપનાં દર્શન કરી શક્યો,પણ કળિયુગમાં ભોગી માણસો પણ આપનાં દર્શન કરી શકે તેવી કૃપા કરો. ભગવાને તે વખતે આદેશ કર્યો કે, બદરિ નારાયણમાં નારદ કુંડ છે ત્યાં સ્નાન કરો.ત્યાંથી મારી મૂર્તિ મળશે,તેની સ્થાપના કરો. બદરિ નારાયણ ભગવાનની સ્થાપના શંકરાચાર્યજીએ કરી છે.મનથી માનસદર્શનનું બહુ પુણ્ય લખ્યું છે. માટે મનથી નારાયણને પ્રણામ કરો.

બદરિનારાયણમાં લક્ષ્મીજીની મૂર્તિ મંદિરની બહાર છે. અંદર નારાયણ તપસ્યા કરે છે. તપશ્ચર્યા માં સ્ત્રીનો, દ્રવ્યનો, બાળકનો સંગ બાધક છે.તેથી નારાયણે લક્ષ્મીજી ને કહ્યું છે કે, તમે બહાર બેસીને ધ્યાન કરો, હું અંદર બેસીને ધ્યાન કરીશ.બદરિનારાયણમાં નારાયણ ની મૂર્તિને ચંદનની પૂજા કરવામાં આવે છે, એ જોઈ એક ભક્તે બદરિ નારાયણના પૂજારીને પૂછ્યું કે, આવી સખત ઠંડીમાં ઠાકોરજી ને તમે ચંદનની પૂજા કેમ કરો છો? પૂજારીએ કહ્યું, અમારા ઠાકોરજી તપશ્ચર્યા ખૂબ કરે છે,તેથી ઠાકોર જીને ગરમી બહુ થાય છે. એટલે ચંદનની પૂજા કરવામાં આવે છે. સૂતજી સરસ્વતીને, વ્યાસજીને વંદન કરે છે અને પછી કથાનો આરંભ કરે છે. જેનાથી ભક્તિનો ઉદય થાય એ મનુષ્યનો સૌથી મોટો ધર્મ. આ ભક્તિ પણ એવી જોઈએ, જેનાથી આત્મા પ્રસન્ન થાય. જેમાં ફળની કામના ન હોય અને જે નિર્વિઘ્ન ચાલ્યા કરે. આવી ભક્તિને અહેતુકા ભક્તિ કહે છે. જીવને ભગવાન કહે છે કે, તું મારો જ અંશ છે. તું મારામાં આવી જા. જીવાત્મા અંશ છે,પરમાત્મા અંશી છે. અહીંથી અંશ વિખૂટો પડ્યો છે તેથી તે દુઃખી છે. તે અંશ અંશીમાં એટલે ઈશ્વરમાં મળી જાય તો જીવ સુખી થાય.

નર એ નારાયણનો અંશ છે. અંશ એટલે કે નર.અંશી એટલે કે નારા યણને ન મળે ત્યાં સુધી તેને શાંતિ મળતી નથી. કોઈ પણ રીતે સાથે એક થવાની જરૂર છે. જ્ઞાનીઓ જ્ઞાનથી અભેદ સિદ્ધિ કરે છે, વૈષ્ણવ મહાત્માઓ પ્રેમથી અદ્વૈત સિદ્ધ કરે છે.પ્રેમની પરિ પૂર્ણતા અદ્વૈતમાં છે.ભક્ત અને ભગવાન છેવટે એક છે.ગોપી અને શ્રીકૃષ્ણ એક છે.

જીવને ઈશ્વરનો વિયોગ થયો છે એ સત્ય છે. આ વિયોગ કરવાથી અને કેમ થયો તેની પંચાત કરવાની જરૂર નથી,તેથી લાભ નથી. ધોતિયાને ડાઘો પડયો હોય તો તે ક્યારે પડ્યો અને કેમ પડ્યો તે વિચારવાથી ધોતિયું સ્વચ્છ થશે નહીં. તેણે તો ડાઘ જ દૂર કરવો જોઈએ. તે પ્રમાણે જીવ ઈશ્વરને મળવા માટે જ પ્રયત્ન કરે તે ઈષ્ટ છે. જીવ ભાગ્યશાળી ત્યારે બને જ્યારે તે નિર્ભય બને. જેને માથે કાળનો ભય છે તે નિર્ભય ક્યાંથી? ભાગ્યશાળી તે કે જેને મૃત્યુનો ભય નથી. મૃત્યુ એટલે હિસાબ આપવાનો દિવસ. જેનું જીવન શુદ્ધ છે તેનો હિસાબ ચોખ્ખો છે, બાકી જીવને હિસાબ આપતાં બીક લાગે છે. અનંત કાળે બીક લાગે છે, કરેલા પાપોની યાદથી. મૃત્યુની બીક છે ત્યાં સુધી શાંતિ નથી. પણ કાળના કાળ ભગવાન જીવને અપનાવે, તો ભગવાનનો નોકર કાળ તેનું કાંઈ કરી શકતો નથી. જેને શેઠનો આશરો એને નોકર શું કરી શકે?

જીવ અને ઈશ્વર બંને એક સાથે બેઠા છે, છતાં ઈશ્વરને ઓળખી શકાતો નથી. જીવ બહિર્મુખને બદલે અંતર્મુખ બને તો તે અંત ર્યામીને ઓળખી શકે છે.ગંગાકિનારે રહેતા એક સંત- મહાત્મા પાસે પારસમણિ હતો. પારસમણિ મેળવવા એકા મનુષ્ય સંતની સેવા કરવા લાગ્યો. સંતે કહ્યું કે, હું ગંગાસ્નાન કરી આવું પછી તને પારસમણિ આપીશ.સંત ગયા.પેલાનું મન તલ પાપડ થવા લાગ્યું. સંતની ગેર હાજરીમાં એ આખી ઝૂંપડી ફેંદી વળ્યો, પરંતુ પારસમણિ હાથ ન લાગ્યો. સંત પધાર્યા. સંતે કહ્યું, આટલી ધીરજ ન રાખી શક્યો પારસમણિ તો મેં પેલી લોખંડની દાબડીમાં મૂક્યો છે તેમ છતાં આ લોખંડની દાબડી સોનાની કેમ ન થઈ?ત્યારે સંતે કહ્યું,ભાઈ, જોને, પારસમણિ આ ચીંથરામાં બાંધેલો છે.તેથી પારસમણિ અને લોખંડનો સ્પર્શ થઈ શકતો નથી. એટલે દાબડી સોનાની ક્યાંથી થાય? તેવી રીતે જીવ અને ઈશ્વર હૃદયમાં જ છે, પણ વાસનાના આવરણને લઈને તેનું મિલન થતું નથી.એટલે કે ઈશ્વરનો સ્પર્શ પામી શકતો નથી. જીવાત્મા એ દાબડી છે. પરમાત્માએ પારસમણિ છે. વચમાંનું અહંતા-મમતારૂપી ચીંથરું દૂર કરવાનું.

## સ્વસ્થ રહેવા માટે આટલી વસ્તુ તો કરવી જ જોઈએ, શિયાળામાં ઓછામાં ઓછા કેટલા ડગલાં ચાલવું જોઈએ?



હાડ થીજાવતી ઠંડીથી બચવા લોકો ગરમ વસ્ત્રો પહેરવાથી લઈને હેલ્થી ડાયટ સુધીના વિવિધ ઉપાયો કરે છે. આ ઋતુમાં સાવચેતી રાખવી ખૂબ જ જરૂરી છે. પહેલું, લેયર્સમાં કપડાં પહેરવાથી શરીરની ગરમી જાળવી રાખવામાં મદદ મળે છે. શિયાળાની કડકડતી ઠંડીમાં સૌથી અઘરું કામ છે સવારે પથારીમાંથી બહાર આવવું. દેશના ઘણા ભાગોમાં ઠંડીનો પારો સિંગલ ડીજીટથી માઈનસ સુધી ચાલ્યો જાય છે. ત્યારે આ હાડ થીજાવતી ઠંડીથી બચવા લોકો ગરમ વસ્ત્રો પહેરવાથી લઈને હેલ્થી ડાયટ સુધીના વિવિધ ઉપાયો કરે છે. હાલ ક્રિસમસ અને નવા વર્ષના સેલિબ્રેશનનો માહોલ ચાલી રહ્યો છે. ઘણા લોકો નવા વર્ષમાં પોતાને ટ્રાન્સફોર્મ કરવા વિવિધ હેલ્થ રીઝોલ્યુશન બનાવશે. હેલ્થ ટાર્ગેટ તમારા શરીરમાં રહેલી આળસ અને જંક ફૂડની ક્રેવિંગ્સને ટાળવામાં મદદ કરી શકે છે. ફિટનેસ એક્સપર્ટ સૂચવે છે કે, ઘરની અંદર ચાલીને અથવા યોગ અને એરોબિક્સ કરીને કોઈ પણ વ્યક્તિ ઘરની અંદર જ એક્ટિવ રહી શકે છે મણિપાલ હોસ્પિટલ ગુરુગ્રામના કન્સલ્ટન્ટ- ઈન્ટરનલ મેડિસિન એન્ડ ડાયાબેટોલોજિસ્ટ ડો. મોહિત સરન કહે છે કે, “સામાન્ય રીતે દરરોજ ૧૦,૦૦૦ સ્ટેપ્સ ચાલવાની સલાહ આપવામાં આવે છે, પરંતુ ઠંડીના દિવસોમાં લોકોએ ઘરની અંદર જ રહેવું જોઈએ અને ઘરમાં ફાસ્ટ વોકિંગ કરવું જોઈએ અથવા યોગ કરવા જોઈએ. કારણ કે શિયાળામાં તાપમાન નીચું હોય છે અને ધમનીઓ સંકોચાઈ જાય છે, તેથી હૃદયને સર્ક્યુલેશન જાળવી રાખવા માટે વધુ કામ કરવું પડે છે. શિયાળામાં થતી આળસને ધ્યાનમાં રાખીને દરરોજ ૭,૦૦૦ સ્ટેપ્સ ચાલવાની સલાહ આપવામાં આવે છે. તેમાં ઝડપથી ચાલવું, ઈન્ડોર વર્કઆઉટ્સ અથવા યોગનો સમાવેશ થઈ શકે છે. પૂરતી શારીરિક પ્રવૃત્તિ માત્ર વિન્ટર બ્લૂઝ સામે લડવામાં જ મદદ કરતી નથી, પરંતુ આપણા આંતરડાઓને પણ તંદુરસ્ત રાખે છે.

## કિડની અને લિવરના ખૂણે ખૂણેથી ગંદકી સાફ કરી દેશે આ સસ્તા ફ્રુટ્સ

એક રીતે જોવા જઈએ તો, કિડની આપણા શરીરમાં ચાળણીનું કામ કરે છે, તો લિવર આપણા શરીરની ફેક્ટરી છે. કિડની શરીરમાં જામી રહેલા હાનિકારક ટોક્સિનને ફ્લશ આઉટ કરી દે છે. તો વળી લિવર શરીર માટે ૫૦૦થી વધારે કામ કરે છે. બંને વિના શરીરનું કામ ચાલે નહીં. એટલા માટે બંને હેલ્દી હોવા જરુરી છે. જો કે, આજકાલ જે રીતે આપણા ખાન પાન થઈ ગયા છે, તેનાથી કિડની અને લિવર પર બિનજરુરી બોઝ વધી રહ્યો છે. તેનાથી લિવર અને કિડનીમાં ગંદકી જમા થવી સામાન્ય બાબત થઈ ગઈ છે. આમ તો લિવર અને કિડની બંને પોતાની સફાઈ ખુદ કરી લે છે, પણ સમય સમય પર લિવર અને કિડનીની સાફ કરવા માટે નેચરલ ફ્રુટ્સ મદદ કરી શકે છે. બજારમાં મળતા લિવર અને કિડની ડિટોક્સ પ્રોડક્ટસની તુલનામાં નેચરણ ફ્રુટ્સ વધારે ફાયદાકારક છે. લાલ દ્રાક્ષ- સ્ટાઈલ ક્રેઝના જણાવ્યા અનુસાર લાલ દ્રાક્ષમાં પ્લાન્ટ કંપાઉડ ફલેવેનોઈડ્સ હોય છે, જે ઈંફલામેશનથી લડે છે.



ઈંફલામેશનના કારણે લિવર અને કિડનીમાં ગંદકી જમા થાય છે. એટલા માટે લાલ દ્રાક્ષ લિવર અને કિડની માટે વરદાનનું કામ કરે છે. સમય સમય પર લાલ દ્રાક્ષનો જ્યૂસ પીવાથી કિડની અને લિવર બંને માટે ફાયદાકારક છે. લેમન-ઓરેન્જ અને તરબૂચ જ્યૂસ- હેલ્થલાઈનના સમાચાર અનુસાર લેમન, ઓરેન્જ અને તરબૂચનો જ્યૂસ કિડનીને ખૂણે ખૂણેથી સફાઈ કરી દેશે. ફ્રુટ જ્યૂસ કિડની સ્ટોનથી બચાવે છે. તે લિવર માટે ફાયદાકારક છે.

લેમન, ઓરેન્જ અને તરબૂચનો જ્યૂસ શરીરમાં ફ્લૂડનું બેલેન્સ કરે છે. લીંબુ, તરબૂત અને સંતરા સાઈટ્સ ફ્રૂટ છે, જે કિડની અને લીવર માટે નેચરલ ફળ છે. આ તમામ ફળના મિક્સ જ્યૂસનું સેવન કરવાથી કિડનીના ફિલ્ટર સાફ થઈ જશે.

રિપોર્ટ અનુસાર કિડનીમાં ગંદકી જામવાનું સૌથી મોટુ કારણ છે, કેલ્શિયમના નાના-નાના ક્રિસ્ટલ. જે કેલ્શિયમ ક્રિસ્ટલને ઓગાળી દે છે. જેથી આ ફ્રુટ સફાઈની સાથે સાથે કિડનીને સુરક્ષા પણ પ્રદાન કરે છે. તરબૂચ-તરબૂચ લિવર અને કિડની માટે ખૂબ જ ફાયદાકારક છે. તરબૂચમાં મળતા લાઈકોપેન કંપાઉડ એન્ટી ઈંફલામેટરી છે, જે લિવર અને કિડનીના સોજાને ખતમ કરે છે. તરબૂચનું પાણી કિડની ડેમેજ થતાં બચાવે છે. બેરીઝ અથવા સ્ટ્રોબેરી-હેલ્થલાઈનના સમાચાર અનુસાર ક્રેનબરી, બ્લૂબેરી, રસ્પબેરી, જાંબુ વગેરે ફળ કિડની અને લિવર બંને માટે ફાયદાકારક છે. તેમાં એન્ટીઓકિસડેંટ્સ અને ફાયટોકેમિકલ મળે છે.

## કિડની અને લિવરના ખૂણે ખૂણેથી ગંદકી સાફ




એક રીતે જોવા જઈએ તો, કિડની આપણા શરીરમાં ચાળણીનું કામ કરે છે, તો લિવર આપણા શરીરની ફેક્ટરી છે. કિડની શરીરમાં જામી રહેલા હાનિકારક ટોક્સિનને ફ્લશ આઉટ કરી દે છે. તો વળી લિવર શરીર માટે ૫૦૦થી વધારે કામ કરે છે. બંને વિના શરીરનું કામ ચાલે નહીં. એટલા માટે બંને હેલ્દી હોવા જરુરી છે. જો કે, આજકાલ જે રીતે આપણા ખાન પાન થઈ ગયા છે, તેનાથી કિડની અને લિવર પર બિનજરુરી બોઝ વધી રહ્યો છે. તેનાથી લિવર અને કિડનીમાં ગંદકી જમા થવી સામાન્ય બાબત થઈ ગઈ છે. આમ તો લિવર અને કિડની બંને પોતાની સફાઈ ખુદ કરી લે છે, પણ સમય સમય પર લિવર અને કિડનીની સાફ કરવા માટે નેચરલ ફ્રુટ્સ મદદ કરી શકે છે. બજારમાં મળતા લિવર અને કિડની ડિટોક્સ પ્રોડક્ટસની તુલનામાં નેચરણ ફ્રુટ્સ વધારે ફાયદાકારક છે. લાલ દ્રાક્ષ- સ્ટાઈલ ક્રેઝના જણાવ્યા અનુસાર લાલ દ્રાક્ષમાં પ્લાન્ટ કંપાઉડ ફલેવેનોઈડ્સ હોય છે, જે ઈંફલામેશનથી લડે છે. ઈંફલામેશનના કારણે લિવર અને કિડનીમાં ગંદકી જમા થાય છે. એટલા માટે લાલ દ્રાક્ષ લિવર અને કિડની માટે વરદાનનું કામ કરે છે. સમય સમય પર લાલ દ્રાક્ષનો જ્યૂસ પીવાથી કિડની અને લિવર બંને માટે ફાયદાકારક છે. લેમન-ઓરેન્જ અને તરબૂચ જ્યૂસ- હેલ્થલાઈનના સમાચાર અનુસાર લેમન, ઓરેન્જ અને તરબૂચનો જ્યૂસ કિડનીને ખૂણે ખૂણેથી સફાઈ કરી દેશે. ફ્રુટ જ્યૂસ કિડની સ્ટોનથી બચાવે છે. તે લિવર માટે ફાયદાકારક છે. લેમન, ઓરેન્જ અને તરબૂચનો જ્યૂસ શરીરમાં ફ્લૂડનું બેલેન્સ કરે છે. લીંબુ, તરબૂત અને સંતરા સાઈટ્સ ફ્રૂટ છે, જે કિડની અને લીવર માટે નેચરલ ફળ છે. આ તમામ ફળના મિક્સ જ્યૂસનું સેવન કરવાથી કિડનીના ફિલ્ટર સાફ થઈ જશે. રિપોર્ટ અનુસાર કિડનીમાં ગંદકી જામવાનું સૌથી મોટુ કારણ છે, કેલ્શિયમના નાના-નાના ક્રિસ્ટલ. જે કેલ્શિયમ ક્રિસ્ટલને ઓગાળી દે છે. જેથી આ ફ્રુટ સફાઈની સાથે સાથે કિડનીને સુરક્ષા પણ પ્રદાન કરે છે. તરબૂચ-તરબૂચ લિવર અને કિડની માટે ખૂબ જ ફાયદાકારક છે. તરબૂચમાં મળતા લાઈકોપેન કંપાઉડ એન્ટી ઈંફલામેટરી છે.

## ૯૦ ટકા જેટલા પુષો એવું નથી કરી શકતા

સામાન્યપણે જ્યારે સ્ત્રીઓના સ્વભાવની જટિલતાને વ્યક્ત કરવી હોય તો લોકો સહેલાઈથી કહી દેતા હોય છે કે ખુદ ઈશ્વર પણ સ્ત્રીઓને સમજવામાં થાપ ખાઈ જતા હોય તો પામર મનુષ્યની તો શું લાયકાત? જો કે આ વાત ક્યાંકને ક્યાંક સાચી પણ છે. કુદરતે સ્ત્રીઓની શારીરિક અને માનસિક સંરચના જ એવી બનાવી છે કે તેમની વિચારશક્તિ પુષો કરતા પણ ઝડપી અને અલગ હોય છે.

એક મહિલા એકસાથે ૩ કામ કરી શકે છે અને ત્રણેયમાં તેનું પૂરેપું ધ્યાન હોય છે. પરંતુ ૯૦ ટકા જેટલા પુષો એવું નથી કરી શકતા. જો કે ૧૦ ટકા પુષોમાં આ ક્ષમતા જોવા મળતી પણ હોય છે. અનેક પ્રકારના મનોવૈજ્ઞાનિક અને શારીરિક કાર્યક્ષમતાઓ સાથે જોડાયેલા સંશોધનોમાં આવી વિગતો બહાર આવી છે, જેમકે મહિલાઓની જીભમાં પુષો કરતા વધુ સ્વાદગ્રંથિઓ હોય છે જેને કારણે પુષોને ખાનપાનમાં અમુક જ



ચીજવસ્તુઓ પસંદ આવે છે. જ્યારે મહિલાઓની પસંદીદા વાનગીઓની યાદી ઘણી લાંબી હોય છે. આ જ વાત રંગોની બાબતમાં લાગુ પડે છે. સ્ત્રીઓ અનેક રંગ તથા તેના અવનવા શેડ્ઝને પારખી શકે છે. આથી તેઓ અલગ અલગ રંગમાં કપડાઓની માગ કરતી હોય છે જ્યારે પુષોના પહેરવેશમાં રંગોની એટલી વિવિધતા જોવા નથી મળતી. ફક્ત રંગો પારખવાની ક્ષમતા જ નહિ, પુષોની તુલનાએ સ્ત્રીઓમાં ભાવનાત્મક વિચારોની ક્ષમતા પણ વધુ હોય છે. સ્ત્રીઓ વધુ ખરાબ સપનાં જુએ છે. પુષો કલ્પનાશીલ હોય છે આથી તેમના સપના પણ સીમિત હોય છે. એ વાત અલગ છે કે હોલીવુડ અને બોલીવુડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આર્ટ અને ક્રિએટિવ ડિરેક્ટર પુષો વધારે હોય છે. જો સ્ત્રીઓને પણ છૂટ મળે તો કદાચ તેમની કલ્પનીશીલતાની પણ નવી ઉડાન જોવા મળે. જ્યારે કેટલીક સ્ત્રીઓએ તેમની વિચારધારા મુજબ ફિલ્મો બનાવી, ત્યારે તેમની કળાત્મકતામાં અનોખાપણું જોવા મળ્યું. ખાસ કરીને કલ્પના લાઝમી અને સઈ પરાંજપે જેવી મહિલા ફિલ્મ નિર્દેશકોએ તેમની ફિલ્મોમાં રંગોની અભિવ્યક્તિનેને નવી ઊંચાઈ આપી છે. જો કે નિર્ણય લેવાને મામલે સ્ત્રીઓમાં જબરજસ્ત દુવિધા જોવા મળે છે. તેઓ તેમના જીવનનો એક વર્ષથી પણ વધુનો સમય કયો પોષાક પહેરવો તે નક્કી કરવા પાછળ લગાડે છે. તેઓ એકઝાટકે નક્કી નથી કરી શકતા કે શું પહેરવું જોઈએ.

BOLLYWOOD NEWS FLASH

## બોબી દેઓલે ઉર્વશી રૌતેલા સાથે મચાવશે ધૂમ



**। મુંબઈ, તા.૩૧ ।**

એનિમલમાં વિલનનો રોલ કરીને લોકોના દિલો પર રાજ કરનાર બોબી દેઓલ ફરી એકવાર સિલ્વર સ્ક્રીન પર ધૂમ મચાવવા માટે તૈયાર છે. એનિમલ સ્ટાર હવે સાઉથ ઈન્ડસ્ટ્રીમાં પોતાનું નસીબ અજમાવવા જઈ રહ્યો છે. બોબી દેઓલ સાઉથની મચઅવેટેડ ફિલ્મ **NBK109**માં જોવા મળશે. આ વાતની જાણકારી ઉર્વશી રૌતેલાએ આપી છે. ઉર્વશી રૌતેલાએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક્ટર સાથે ઘણી તસવીરો શેર કરી છે, જેમાં બંને ફલાઈટમાં બેઠેલા જોવા મળે છે. આ શેર કરતી વખતે ઉર્વશીએ કેપ્શનમાં લખ્યું કે ‘**NBK 109**ના ફેમિલીમાં લોર્ડ બોબી દેઓલનું સ્વાગત કરતાં હું ખૂબ જ ખુશ છું. મને સિનેમાની દુનિયામાં લોન્ચ કરવા બદલ હું દેઓલ પરિવારનો આભાર માનું છું. હવે હું દ્નમ્દ્ન ૧૦૯ માં બોબી દેઓલ સાથે સ્ક્રીન શેર કરવા માટે આતુર છું. તમને જણાવી દઈએ કે આ એક એક્શન ફિલ્મ છે, જેમાં બોબી અને ઉર્વશી સિવાય નંદમુરી બાલકૃષ્ણ અને દુલકર સલમાન પણ મહત્વના રોલમાં હશે. એનિમલમાં બોબી દેઓલે વિલન અબરાર હકનો રોલ પ્લે કર્યો હતો. ફિલ્મમાં ઓછો સ્ક્રીન ટાઈમ મળવા છતાં તેને ધૂમ મચાવી હતી.

## મારી પાસે પહેરવા માટે કપડાં છે, પીવા માટે પાણી છે : મલાઈકા



**। મુંબઈ, તા.૩૧ ।**

બોલિવૂડ ડિવા મલાઈકા અરોરા કોઈને કોઈ કારણોથી અવારનવાર ચર્ચામાં આવતી રહે છે. તે પોતાની પર્સનલ લાઈફને લઈને ચર્ચામાં રહે છે. અરબાઝ ખાનના બીજા લગ્ન બાદ મલાઈકા લાઈમલાઈટમાં આવી ગઈ છે. તેણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી છે જે વાયરલ થઈ રહી છે. આ પોસ્ટમાં મલાઈકાએ લખ્યું છે કે તેની પાસે જે પણ છે તેના માટે તે આભારી છે. મલાઈકા અરોરાએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક ક્વોટ શેર કર્યો છે. જેમાં લખ્યું હતું- હું ઉઠી. મારી પાસે પહેરવા માટે કપડાં છે, પીવા માટે પાણી છે, ખાવા માટે ભોજન છે. હું આભારી છુ. મલાઈકા અરોરા અને અરબાઝ ખાન વર્ષ ૨૦૧૭માં અલગ થઈ ગયા હતા. જે બાદ ૨૪ ડિસેમ્બરે અરબાઝે મેકઅપ આર્ટિસ્ટ શુરા ખાન સાથે લગ્ન કર્યા હતા. લગ્નમાં ફક્ત પરિવારના સભ્યો અને કેટલાક ખાસ મિત્રો જ હાજર રહ્યા હતા. અરબાઝના લગ્નમાં મલાઈકા ન હતી પરંતુ તેનો દીકરો અરહાન ગયો હતો. અરહાને તેના પિતા અરબાઝના લગ્નમાં હાજરી આપી હતી. અરહાનના ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. આ દિવસોમાં મલાઈકા અરોરા ડાન્સ રિયાલિટી શો ઝલક દિખલા જામાં જજ તરીકે જોવા મળી રહી છે. શોનો નવો પ્રોમો વાયરલ થઈ રહ્યો છે.

## ટ્વિંકલ ખન્ના અને અક્ષય કુમારે સમુદ્રની અંદર પાણીમાં એકબીજાને કરી હતી કિસ

**। મુંબઈ, તા.૩૧ ।**

ટ્વિંકલ ખન્નાનો શુક્રવારે જન્મદિવસ હતો. આ ખાસ દિવસે એક્ટ્રેસે એક મસ્ત વિડીયો શેર કર્યો છે. આ વિડીયોમાં બર્થ ડે વેકેશનની કેટલીક ઝલક જોવા મળી રહી છે. આ વિડીયોમાં એક્ટ્રેસ જલપરી બની છે. અક્ષય કુમારની પત્ની, એક્ટર અને રાઈટર ટ્વિંકલ ખન્નાનો શુક્રવારે જન્મદિવસ હતો. એક્ટ્રેસનો આ બર્થ ડે એના માટે ખાસ છે. આ બર્થ ડે પર ટ્વિંકલ ખન્ના મુંબઈમાં નથી. ટ્વિંકલ ખન્ના એના પરિવારની સાથે વેકેશનની મજા માણી રહી છે. આ વિશેની કેટલીક ઝલક ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર ફેન્સ માટે શેર કરી છે. ટ્વિંકલ ખન્ના હાલમાં વેકેશનની મજા માણી રહી છે. જો કે આ વખતે ટ્વિંકલનો કંઈક અલગ અંદાજ જોવા મળી રહ્યો છે. હાલમાં ટ્વિંકલ ખન્નાનો એક વિડીયો સોશિયલ મિડીયામાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે. આ વિડીયોમાં ટ્વિંકલ ખન્નાની સાથે પતિ અક્ષય કુમાર પણ જોવા મળી રહ્યો છે. આ વિડીયો જોતાની સાથે ફેન્સ ખુશ-ખુશ થઈ ગયા છે. ઈન્સ્ટાગ્રામ પર આ વિડીયો શેર કર્યો છે જેમાં પતિ અક્ષય કુમારની સાથે સમુદ્રમાં અંદર વોટર સ્વિમ કરતી જોવા મળે છે. આ વિડીયોમાં બન્ને જણા મસ્ત મસ્તીભર્યા અંદાજમાં જોવા મળી રહ્યા છે. અક્ષય કુમાર અને ટ્વિંકલ બન્ને કોઈ માછલીની જેમ પાણીની અંદર સ્વિમ કરી રહ્યા છે. જો કે આ વિડીયો સામે આવ્યા પછી એ વાત સ્પષ્ટ થઈ ગઈ છે અક્ષય કુમાર પત્ની ટ્વિંકલના બર્થ ડે પર ક્યાંક બહાર વેકેશન એન્જોય કરવા માટે ગયા છે. કપલ ફેમિલી સાથે ખૂબ મસ્તી કરે છે. આ વિડીયો પોસ્ટ કરતા ટ્વિંકલ ખન્નાએ મસ્ત કેપ્શન લખ્યુ છે..



મારા ૫૦માં જન્મદિવસ પર હું જ્યારે મારી આસપાસની દુનિયામાં અને પરિવારને જોવું છુ તો મારી આંખો આશ્ચર્યથી ભરાઈ જાય છે. જીવનમાં કંઈ પણ થાય પણ એ કહે છે કે બસ તરતા રહો. રોમાંચ ક્યારેય ખતમ ના થાય. બોબી દેઓલની સાથે ટ્વિંકલે ફિલ્મી સફરની શરૂઆત કરી હતી. પહેલી ફિલ્મ બરસાત રહી જે મુવીને બહુ સારો રિસ્પન્સ મળ્યો હતો. આ સિવાય દિલ તેરા દિવાના, ઉફફ યે મોહબ્બત, ઈતિહાસ જેવી ત્રણ ફિલ્મો કરી જે એક પછી એક ફલોપ રહી. આ સિવાય પણ એક્ટ્રેસ અનેક ફિલ્મોમાં કામ કર્યુ છે. જો કે પછી ટ્વિંકલે નક્કી કરી લીધુ કે એ ફિલ્મી દુનિયાથી દૂર રહેશે.

## અભિનેત્રી ઉર્ફી જાવેદ ડાર્ક સર્કલથી પરેશાન છે

**। મુંબઈ, તા.૩૧ ।**

બિગ બોસથી પોતાની ઓળખ બનાવનાર ઉર્ફી જાવેદ આ દિવસોમાં કોઈને કોઈ રીતે હંમેશા ચર્ચામાં રહેતી હોય છે. ટીવી અદાકાર ઉર્ફી જાવેદ સોશિયલ મિડીયામાં હાઈપર એક્ટિવ રહે છે. ઉર્ફી જાવેદ મોંની સાથે-સાથે હેર સ્ટાઈલ તેમજ ડ્રેસને કારણે પણ ચર્ચામાં રહે છે. આ કારણે ઉર્ફીને અનેક વાર નુકસાન પણ થયુ છે. આમ ઉર્ફીની આ તસવીરો જોઈને તમે પણ ડરી જશો. ઉર્ફીની આ તસવીરોમાં તમે જોઈ શકો છો કે મોં પર કેવા ખીલવાડ કરે છે. આ તસવીરમાં ઉર્ફી જાવેદ બધી હદો પાર કરી દે છે. ફોટોશૂટ માટે ઉર્ફીએ પોતાની આઈબ્રો અને બ્લીચ લગાવ્યુ હતુ. આ તસવીર જોઈને એવું લાગી રહ્યુ છે કે ઉર્ફીની આઈબ્રો ગાયબ થઈ ગઈ છે. આ તસવીરમાં ઉર્ફી જાવેદ બધી હદો પાર કરી દે છે. ફોટોશૂટ માટે ઉર્ફીએ પોતાની આઈબ્રો અને બ્લીચ લગાવ્યુ હતુ. આ તસવીર જોઈને એવું લાગી રહ્યુ છે કે ઉર્ફીની આઈબ્રો ગાયબ થઈ ગઈ છે. સામે આવેલી આ તસવીર તમે જોઈ શકો છો કે ઉર્ફી જાવેદ ડાર્ક સર્કલથી પરેશાન છે. આ તસવીરમાં ઉર્ફી ડાર્ક સર્કલ દેખાડી રહી છે. રિપોર્ટ્સનું માનીએ તો બાળપણથી જ ઉર્ફીને ડાર્ક સર્કલથી મોટી તકલીફ છે. આ તસવીરમાં તમે જોઈ શકો છો કે ઉર્ફી જાવેદે પોતાના શરીર પર ચ્વિંગમ ચોંટાડી દીધી છે અને પોઝ આપી રહી છે. આ કારણે ઉર્ફી ખૂબ ટ્રોલ થઈ હતી. આ તસવીર જોઈને ચીતરી ચડી જાય એવું છે. ઉર્ફીની આ તસવીર જોઈને લોકોએ જાતજાતની કમેન્ટ્સ પણ કરી હતી. બિગ બોસ ફેમ ઉર્ફી જાવેદ જ્યારે સોશિયલ મિડીયામાં કોઈ પોસ્ટ શેર કરે ત્યારે તરત જ લોકો ટ્રોલ કરવા લાગે છે. આ સાથે યુઝર્સ જાતજાતની કોમેન્ટ્સ કરતા હોય છે. ઉર્ફી હંમેશા પોતાના ફેન્સ માટે તસવીરો અને વિડીયો કરતી રહેતી હોય છે. ઉર્ફી પોતાની ડ્રેસિંગ સ્ટાઈલને લઈને ખૂબ ચર્ચામાં રહેતી હોય છે. ફેમસ થવાના ચક્કરમાં ઉર્ફીએ પોતાના મોંની પણ ખરાબ કરી નાખી છે.






# અહીં મળી 3000 વર્ષી જૂની તલવાર, હજું પણ યથાવત છે

જર્મનીમાં એક પ્રાચીન તલવાર જોવા મળી છે, જેને આર્કિયોલોજિસ્ટે કાંસ્ય યુગના દફન સ્થાનેથી નીકળી છે. તલવારને ૩૦૦૦ વર્ષ જૂની જણાવવામાં આવી રહી છે. આટલા વર્ષો બાદ પણ હથિયાર એટલી સારી હાલતમાં છે કે તે હજું પણ ચમકે છે. આ જોઈને પુરાતત્વવિદો પણ ચોંકી ગયાં. જણાવવામાં આવી રહ્યું છે કે તલવાર ઈસા પૂર્વ ૧૪મી સદીના અંત સુધી ત્રણ લોકોની કબરમાંથી મળી છે.

લાઈવ સાયન્સના રિપોર્ટ અનુસાર, આ તલવાર બવેરિયાના નોર્ડલિંગેન ટાઉન (Nördlingen Town)માં એક પુરુષ, મહિલા અને બાળકોની કબરમાંથી મળી હતી. બવેરિયન સ્ટેટ ઑફિસ ફોર મૉન્યૂમેન્ટ પ્રોટેક્શન દ્વારા રજૂ કરેલા નિવેદન અનુસાર, 'એવું પ્રતીત થાય છે કે, ત્રણેયને એક બાદ એખ દફનાવવામાં આવ્યું હતું, પરંતુ આ સ્પષ્ટ નથી કે તેમનો એક-બીજા સાથે સંબંધ હતો કે નહીં.'

## ચમક જોઈને ચોંકી ગયાં આર્કિયોલોજીસ્ટ!



# કેમ કહેવામાં આવે છે કે, ભૂરી આંખોવાળા લોકો પર વિશ્વાસ ન કરવો જોઈએ?

અંગ્રેજીમાં એક કહેવત છે. 'Beauty lies in the eyes of the beholder' એટલે કે સુંદરતા જોનારની આંખોમાં રહેલી છે. એ વાત સાચી છે કે દરેક વ્યક્તિ સુંદર હોય છે, આપણને માત્ર જોવા માટે આંખોની જરૂર હોય છે. આંખોની વાત કરીએ તો આંખોમાં પણ અનેક રંગો હોય છે. કોઈની આંખો કાળી હોય છે, કોઈની આંખો વાદળી હોય છે, કોઈની આંખો ભૂરી હોય છે. ભૂરી આંખોવાળા લોકોને લઈને કહેવામાં આવે છે કે તેના પર વિશ્વાસ ન કરવો જોઈએ. એવું કેમ કહેવામાં આવે છે અને રિસર્ચ તેને લઈને શું કહે છે. ચાલો જાણીએ.



વિશ્વમાં લગભગ ૫૦% લોકોની આંખો ભુરી હોય છે. બાળપણમાં, ભૂરી આંખોવાળા લોકો વિશે વડીલો કહેતા હતા કે આવા લોકો પર વિશ્વાસ ન કરવો જોઈએ, તેઓ દગાબાજ છે. આ અંગે જુદા જુદા લોકોના જુદા જુદા મંતવ્યો હોઈ શકે છે. એવું કહેવાય છે કે જેમની નજર ભૂરી હોય છે તે ખૂબ જ ચાલાક અને પાપી લોકો હોય છે અને આવા લોકો પર થોડીક કાળજી રાખીને વિશ્વાસ કરવો જોઈએ, તેથી જ એવી કહેવત ફેલાઈ રહી છે કે આ લોકો કપટી હોય છે.

પ્રાગમાં આંખો અંગે એક સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ભૂરી આંખોવાળા લોકો અને વાદળી આંખોવાળા લોકોનો સમાવેશ થતો હતો. આ અભ્યાસને ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યો હતો. પબ્લિક લાઈબ્રેરી ઓફ સાયન્સ દ્વારા હાથ ધરવામાં આવેલા અભ્યાસના પ્રથમ ભાગમાં, ૪૦ પુરુષો અને ૪૦ સ્ત્રીઓની આંખોના રંગ પર પરીક્ષણ કરવામાં આવ્યું હતું. પરિણામ એ આવ્યું કે ભૂરી આંખોવાળા લોકો વાદળી આંખોવાળા લોકો કરતાં વધુ વિશ્વાસપાત્ર લાગી રહ્યા હતાં.

અભ્યાસના બીજા ભાગમાં પુરુષો અને સ્ત્રીઓનો અલગ-અલગ અભ્યાસ કરવામાં આવ્યો હતો અને તેમાં ભૂરી આંખોવાળા પુરુષો કરતાં ભૂરી આંખોવાળા પુરુષો વધુ વિશ્વાસપાત્ર હતા. અધ્યયનના ત્રીજા ભાગમાં સંશોધન ટીમે પુરુષો અને સ્ત્રીઓના ચહેરાને સમાન પરંતુ તેમની આંખોનો રંગ બદલાયો હતો અને પરિણામો પણ બદલાયા હતા. અંતે અભ્યાસમાં જાણવા મળ્યું છે કે આંખોના રંગને વિશ્વસનીયતા સાથે કોઈ લેવાદેવા નથી.


## ચાંદ જેવી ચમક આપશે રસોડામાં રહેલી આ 3 વસ્તુઓ, શિયાળામાં કરશે સ્કિન ગ્લો



ઠંડીની મોસમ શરૂ થઈ ગઈ છે. ઠંડીમાં ચહેરો શુષ્ક થવા લાગે છે. આવી સ્થિતિમાં ચહેરો નિસ્તેજ દેખાવા લાગે છે. આ માટે તમે ઘરેલું ઉપાય અજમાવી શકો છો. આપણા રસોડામાં જ એવી કેટલીક વસ્તુઓ રહેલી છે, જે કોસ્મેટિક જેવું કામ કરે છે. કોસ્મેટિકની બનાવટમાં પણ એ જ વસ્તુઓનો ઉપયોગ થાય છે. જેથી ચહેરા પર કુદરતી નિખાર લાવવા માટે બ્યુટી એક્સપર્ટ કેટલીક ઘરેલું વસ્તુઓનો ઉપયોગ કરવાની સલાહ આપે છે. બ્યુટી એક્સપર્ટ સિમ્મી કુમારીએ લોકલ૧૮ને જણાવ્યું કે, ઠંડીના દિવસોમાં ચહેરો શુષ્ક થવા લાગે છે. જેના નિવારણ માટે તમે એલોવેરા જેલનો ઉપયોગ કરી શકો છો. તમે તેને બજારમાંથી પણ ખરીદી શકો છો અથવા આંગણામાં એલોવેરાનો છોડ વાવીને તેમાંથી પણ જેલ કાઢી શકો છો.

## ૫ અસાધ્ય બીમારીઓનો કાળ છે આ નાનકડી લાકડી, ૩૦૦થી વધારે ઔષધીય ગુણ





હેલ્થલાઈનના રિપોર્ટમાં રિસર્ચને ટાંકીને કહેવામાં આવ્યું છે કે જેઠીમધ ત્વચા સંબંધિત રોગો માટે રામબાણ છે. જેઠીમધ નું સેવન કરવાથી જો ત્વચા પર કોઈ એન્ટી-બેક્ટેરિયલ અથવા એન્ટી-ફંગલ પ્રોબ્લેમ હોય તો તે થોડા દિવસોમાં જ ઠીક થઈ જાય છે. જેઠીમધ પિમ્પલ્સને તેના મૂળમાંથી પણ મટાડે છે. જેઠીમધ મૂળમાંથી બનાવેલ પાવડર ત્વચા પર લગાવવાથી ત્વચા સંબંધિત રોગો પણ મટે છે.

જેઠીમધ પેટ સંબંધિત સમસ્યાઓ જેમ કે ગેસ, અપચો, એસિડિટી અને પેટમાં દુખાવો મટાડી શકે છે. આ સંદર્ભમાં, અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ૭૫ મિલિગ્રામ લિકરિસ કેપ્સ્યુલ દિવસમાં બે વાર ૩૦ દિવસ સુધી આપવાથી અપચોની સમસ્યા દૂર થાય છે. આ સાથે મુલેથી જીઈઆરડી પણ દૂર કરે છે જેને હાર્ટ બર્ન પણ કહેવાય છે.

જેઠીમધમાં એન્ટિ ઈનફલમેટરી ગુણો જોવા મળે છે. તેથી, જેઠીમધ આંતરડામાં થતા પેપ્ટીક અલ્સર રોગને પણ મટાડે છે. જેઠીમધનાં મૂળમાં ગ્લાયસિરિઝિન નામનું સંયોજન જોવા મળે છે જે અલ્સરના ઘાને સૂકવે છે. અભ્યાસમાં, જ્યારે જેઠીમધ કેપ્સ્યુલ ૨ અઠવાડિયા માટે આપવામાં આવી હતી, ત્યારે પેપ્ટીક અલ્સરના લક્ષણોમાં ઘણો ઘટાડો થયો હતો.

# આગથી બળ્યા બાદ તેના પર તેલ, લોટ કે માખણ લગાવો છો?

રસોડામાં રસોઈ બનાવતી વખતે ઘણી વખત એવી સ્થિતિ સર્જાય છે કે હાથ બળી જાય છે. પછી તે તેલનો છાંટો હોય કે ગરમ તવાને હાથ અડી ગયો હોય. આવી સ્થિતિમાં, તીવ્ર બળતરા થાય છે અને તાત્કાલિક દવાની જરૂરિયાત અનુભવાય છે. મોટા ભાગના લોકો થોડી રાહત મેળવવા માટે લોટ, માખણ, તેલ અથવા બરફ લગાવે છે. પરંતુ આ ઘરેલું ઉપચાર કેટલા અસરકારક છે? શું તેઓ ખરેખર ફાયદાકારક છે કે હાનિકારક? ડોક્ટર્સનો અભિપ્રાય સાંભળીને તમને આશ્ચર્ય થશે. તેમના મતે, આવી વસ્તુઓ ઘણી વખત ફાયદાના બદલે નુકસાન કરે છે. તેથી, આ ઘરેલું ઉપચારથી દૂર રહેવું વધુ સારું છે. તો બળી જાય તો શું કરવું? ચાલો જાણીએ ડૉક્ટરે શું કહ્યું. સૌથી પહેલા જો કોઈ નાની જગ્યા બર્ન થાય છે, તો સૌપ્રથમ તે વિસ્તારને સામાન્ય નળના પાણીથી ધોઈ લો જ્યાં સુધી બળતરા ઓછી ન થાય. જો ફોલ્લો થઈ ગયો હોય, તો તેને ફોડવાની કોશિશ ન કરો, તેના પર કોઈપણ એન્ટિ-બાયોટિક અથવા એન્ટિ-સેપ્ટિક ક્રીમ લગાવો. તે એક-બે દિવસમાં પોતાની મેળે ઠીક થઈ જશે. જો તમે ખરાબ રીતે દાઝી ગયા હોવ તો બેદરકાર રહેવાને બદલે તરત જ ડોક્ટર પાસે જાઓ. જો કોઈ ગંભીર રીતે બળ્યું છે, તેને ડિગ્રીમાં વહેંચાયેલું છે. જો માત્ર ઉપરની ચામડી બળી જાય તો તેને ફર્સ્ટ ડિગ્રી બર્ન તરીકે રાખવામાં આવે છે. તેમાં ત્વચા લાલ થઈ જશે અને સોજો દેખાશે. સામાન્ય રીતે તે થોડા દિવસોમાં તેની જાતે જ મટી જશે. સેકન્ડ ડીગ્રી બર્નમાં ઉપરની ત્વચાની સાથે અંદરની ત્વચા પણ બળી જાય છે. જેના કારણે ત્વચા લાલ થઈ જાય છે અને ફોલ્લાઓ થઈ જાય છે. તેમને સ્વસ્થ થવામાં ૨ થી ૩ અઠવાડિયા લાગી શકે છે. જો સોજો વધુ પડતો હોય



તો તમારે ચોક્કસપણે ડૉક્ટરની મુલાકાત લેવી જોઈએ. ડોઈશ વેલેના અહેવાલ મુજબ, જર્મન ડૉક્ટર રાફેલ સ્ટૉબબાચનું કહેવું છે કે ઘા જેટલો ઊંડો હશે તેટલો જ તેને રૂઝાવવામાં વધુ સમય લાગશે. થર્ડ ડિગ્રી બર્નના કિસ્સામાં આવું થાય છે. આવી સ્થિતિમાં તરત જ ડૉક્ટર પાસે જવું જોઈએ. કારણ કે આ સ્થિતિમાં ત્વચાનો રંગ બદલાય છે, તે સફેદ, ભૂરો કે કાળો થઈ જાય છે. જેના કારણે રક્ત પરિભ્રમણ અવરોધાય છે. ઘણા લોકો ઘરે ગૂંથેલા લોટ, માખણ, તેલ અથવા બરફ લગાવે છે. ડૉક્ટરે કહ્યું, તેનાથી બચવું વધુ સારું છે કારણ કે તેનાથી ફાયદાને બદલે નુકસાન થઈ શકે છે. તેલ અને માખણ ગરમ જગ્યાને વધુ ગરમ કરશે, જ્યારે તેને ઠંડુ કરવાની જરૂર છે.

## કેન્સર અને ડાયાબિટીસથી રાહત આપે છે આંગણામાં જોવા મળતો આ સદાબહાર છોડ



બારમાસીનો છોડ દરેક જગ્યાએ સરળતાથી ઊગી નીકળે છે. બારેમાસ તેના પર ફૂલ આવતા હોવાથી લોકો તેને ઘરની શોભા વધારવા માટે રોપે છે. પરંતુ આ છોડ ઘણી ગંભીર બીમારીઓની સારવાર માટે પણ ખૂબ ઉપયોગી છે. તેના ઔષધીય ગુણો જાણીને કદાચ તમને પણ આશ્ચર્ય થશે. બારમાસીના નામથી જાણીતી આ ઔષધીય વનસ્પતિ પોતે સુંદર હોવાની સાથોસાથ માનવ જીવનને તંદુરસ્ત બનાવે છે. બારમાસીનો છોડ તમામ ગંભીર રોગોને તેમના મૂળમાંથી દૂર કરવામાં સફળ સાબિત થાય છે. શાંતિ આયુર્વેદિક મેડિકલ કોલેજના મેનેજર પ્રો. ડૉ. આર.વી.એન. પાંડેના જણાવ્યાનુસાર, બારમાસી એક અદ્ભુત દવા છે. ઘણી ગંભીર બીમારીઓમાં તેનો અલગ અલગ રીતે ઉપયોગ થાય છે. પરંતુ, ડૉક્ટરની સલાહ લીધા વિના તેનો યોગ્ય રીતે ઉપયોગ કરી શકાતો નથી. આ એટલી મહત્વપૂર્ણ દવા છે કે તે ડાયાબિટીસથી લઈને કેન્સર સુધીના ગંભીર રોગોમાં ખૂબ જ અસરકારક સાબિત થાય છે. ડૉ. પાંડે જણાવે છે કે, આ તમામ હર્બલ દવાઓ આયુર્વેદ પદ્ધતિમાં વિશેષ મહત્વ ધરાવે છે. બારમાસી ખૂબ જ અસરકારક, ફાયદાકારક અને મહત્વપૂર્ણ દવા છે. તેના પાંદડા અને ફૂલો બંનેનો ઉપયોગ થાય છે. આયુર્વેદ અનુસાર આ છોડ શરીરની ઘણી ગંભીર સમસ્યાઓની સારવારમાં ઉપયોગી છે. બારમાસીના પાંદડા ડાયાબિટીસ જેવી ગંભીર સમસ્યાઓ માટે ખૂબ ઉપયોગી છે. આ ઉપરાંત તે ગળાના ચેપ, બ્લડ પ્રેશર, કેન્સર અને ત્વચા સંબંધિત સમસ્યાઓમાં પણ ખૂબ અસરકારક છે. દરરોજ તેના ૧૦ પાન ચાવવાથી ડાયાબિટીસ અને બ્લડ પ્રેશર કંટ્રોલમાં રહે છે. તેના ફૂલ અને પાંદડા બંને ઉપયોગી છે. તેનો રસ કાઢીને પણ ઉપયોગમાં લેવાય છે. તેના પાન ચાવવાથી પણ ઘણી રાહત મળે છે. આ એક અદ્ભુત છોડ છે જે સ્વસ્થ માનવ જીવનમાં ખુશીઓ લાવે છે. બારમાસીની ઔષધીની કેટલીક આડઅસરો પણ છે. જેથી તેનું વધુ પડતું સેવન કરવું પણ નુકસાનકારક બને છે.

# શિયાળામાં વાયરલ ઇન્ફેક્શનથી બચવા આ વસ્તુઓનું કરો પાલન, મળશે રાહત

**શિયાળાની સિઝનમાં શરદી, ખાંસી અને વાયરલ ઈન્ફેક્શનના કેસમાં વધારો નોંધાયો છે. હાલ ઘર ઘરમાં કોલ્ડ અને કફના દર્દીઓ છે લોકોને ખાંસી મટવાનું નામ નથી લઈ રહી શિયાળાની ઋતુમાં અનહાઈજીન ખોરાક ખાવાથી બિમાર પડી શકાય છે વાયરલ ઈન્ફેક્શનથી પેટમાં દુખાવો, ઝાડા થવા, ઉલટી થવી, ભૂખ ન લાગવી, અપચો થવો વગેરે લક્ષણો જોવા મળી શકે છે**

શિયાળાની આકરી ઠંડી શરૂ થતાની સાથે નાના બાળકોથી લઈને મોટાઓમાં વાયરલ ઈન્ફેક્શનની સમસ્યા ખૂબ જોવા મળતી હોય છે. જેના લીધે દર્દીઓને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે.આ વાયરલ ઈન્ફેક્શન કેવી રીતે ફેલાય છે અને તેનાથી બચવા શું કરવું જોઈએ? તે વિસ્તારમાં જાણીએ.

સામાન્ય રીતે વાયરલ ઈન્ફેક્શન શરીરમાં રોગપ્રતિકારક શક્તિ ઘટી જાય અથવા જમવામાં કોઈ અનહાજીન વાળુ ભોજન કે પછી શ્વાસોચ્છવાસના કારણે જ મનુષ્યના શરીરમાં પ્રવેશે છે.વાઈરલ ઈન્ફેક્શન અલગ અલગ પ્રકારના સૂક્ષ્મ જીવો જેવા કે બેક્ટેરિયા, વાયરસ, ફૂગ, પ્રોટોઝુઆ વગેરે જીવાણુઓ દ્વારા ફેલાય છે. જેના લીધે શરદી, ખાંસી, તાવ, કમળો, ઝાડા-ઉલટી, પેટ સંબંધિત, સ્કિન અને હેર સંબંધિત અનેક સમસ્યા જોવા મળે છે. આ સિવાય મગજનો તાવ, મેલેરિયા, ડેન્ગ્યુ, સ્વાઈન ફ્લૂ, H1N1 ઈન્ફલુએન્ઝા, ઝેરી કમળો, એચઆઈવી



વગેરે જેવી જોખમી બીમારી પણ થઈ શકે છે.

વાયરલ ઈન્ફેક્શનના કારણે તાવ આવવો, શરીર તૂટવું, અશક્તિ લાગવી, આંખોમાં બળતરા થવી, ગળામાં બળતરા થવી, વારંવાર છીંક આવવી, માથું ભારે થઈ જવું, નાક બંધ થઈ જવું, નાકમાં બળતરા થવી, આંખો લાલ થવી, આંખોમાંથી પાણી નીકળવું, ઉધરસ થવી, ખંજવાળ આવવી, સ્કિન પર લાલ ચકામા થઈ જવા, ફોલ્લી થવી, ખીલ થવા, વાળ ખરવા, શ્વાસ લેવામાં તકલીફ પડવી, ફેફસામાં ચેપ લાગવો, શરદી થવી, છાતીમાં દુખાવો થવો, એલર્જી થવી, બેચેની અનુભવવી વગેરે આના લક્ષણો છે. આ સિવાય પાચનતંત્રને અસર કરતા વાયરલ ઈન્ફેક્શનથી પેટમાં દુખાવો, ઝાડા થવા, ઉલટી થવી, ભૂખ ન લાગવી, અપચો થવો વગેરે લક્ષણો જોવા મળી શકે છે. તથા કેટલીકવાર ઈન્ફેક્શનથી શરીરની નર્વસ સિસ્ટમ અને મગજ પર પણ અસર કરે છે. જેના લીધે ભાન ભૂલી જવું, ખેંચ આવવી, યાદશક્તિ ઓછી થઈ જવી, કોમામાં ચાલ્યા જવું વગેરે જેવા ગંભીર લક્ષણો પણ જોવા મળે છે. સૌપ્રથમ ડોક્ટર દ્વારા ક્લિનિકલ એક્ઝામિનેશન કરવામાં આવે છે. ત્યારબાદ ડોક્ટર જરૂર મુજબ કેટલાક લેબોરેટરીના ટેસ્ટ પણ કરે છે. લેબોરેટરીમાં બ્લડ, ગળફો, ઝાડા-પેશાબ, સીએસએફ (કમરમાંથી ખેંચવામાં આવતું પાણી) દ્વારા વાયરસના એન્ટિજન, એન્ટિબોડી તથા જીનેટિક ટેસ્ટ કરવામાં આવે છે. આ સિવાય ક્યારેક એક્સરે, સોનોગ્રાફી, સીટી સ્કેન, એમઆરઆઈ જેવી તપાસ પણ કરવામાં આવે છે.

## રસોડામાં રહેલો મસાલો સ્વાસ્થ્ય માટે છે અતિ ઉત્તમ





ગુજરાતમાં શિયાળો શરૂ થઈ ગયો છે. સાથોસાથ માવઠા બાદ ઠંડીની અસર દેખાવા લાગી છે. સમગ્ર રાજ્યમાં સવાર-સાંજ તેમજ દિવસ દરમિયાન ભારે ઠંડી પડી રહી છે. આવી સ્થિતિમાં, ઠંડીથી બચવા માટે, જીવનશૈલીમાં કેટલાક બદલાવની સાથોસાથ ખાનપાન પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. શિયાળાની ઋતુમાં એવી લાઈફસ્ટાઈલ અપનાવવી જોઈએ, જેનાથી ઠંડીથી રક્ષણ મળે તથા શરીર ફિટ રહે. આ ઋતુમાં શરીરને ઠંડીથી બચાવવા ગરમ કપડાં તો પહેરવા જ જોઈએ. સાથોસાથ ગરમ તાસિર ધરાવતો ખોરાક પણ ખાવો જોઈએ. આજે અમે તમને એક એવા મસાલા વિશે જણાવીશું, જે ઠંડીથી બચાવવામાં અસરકારક છે, જે દરેકના ઘરમાં ઉપલબ્ધ છે. આ મસાલો લવિંગ છે. આયુર્વેદમાં પણ લવિંગના ઘણા ફાયદા જણાવવામાં આવ્યા છે. આયુર્વેદમાં જણાવ્યાનુસાર, લવિંગનું સેવન શરીરમાં ગરમી જાળવી રાખવામાં મદદ કરે છે. આ આપણને શરદી સામે લડવામાં મદદ કરે છે. આ સાથે લવિંગનું સેવન કરવાથી અન્ય રોગો સામે લડવામાં પણ મદદ મળે છે. વૈદ્ય એલએમ મિશ્રા જણાવે છે કે, ઉનાળામાં લવિંગનું સેવન કરવું ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. લવિંગમાં એન્ટીઑકિસડન્ટ અને બળતરા વિરોધી ગુણધર્મો હોય છે. આ સિવાય લવિંગમાં પ્રોટીન, ફાઈબર, વિટામિન બી કોમ્પ્લેક્સ અને કેલ્શિયમ પણ જોવા મળે છે. લવિંગ ગરમ તાસિર ધરાવે છે. તેથી શરદી અને ઉધરસની સ્થિતિમાં લવિંગ ખાવી જોઈએ. આ ઉપરાંત ચા અથવા ઉકાળામાં નાખીને તેનું સેવન કરવું જોઈએ. આ રીતે પ્રયોગ કરવાથી શરદી અને ખાંસીમાં રાહત મળે છે.

# ડાયાબિટીસના દર્દીઓ ભૂલથી પણ ન રાખતા આવી ટેવ, અચાનક વધી જશે શુગર

દેશમાં દિવસેને દિવસે ડાયાબિટીસના દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ડાયાબિટીસ વધવા પાછળ વર્તમાન સમયની જીવનશૈલી અને આનુવંશિક જેવા અનેક કારણો જવાબદાર માનવામાં આવે છે. ડાયાબિટીસ શરીરની અંદર રહેલા લોહીમાં ગ્લુકોઝની પ્રોસેસ કરવાની ક્ષમતાને નબળી પડે છે. જેને આપણે બ્લડ શુગર કહીએ છીએ. ત્યારે આ ડાયાબિટીસ કેવી રીતે થાય છે, તેને નિયંત્રિત કરવા શું ધ્યાન રાખવું જોઈએ? તે વિશે વિગતવાર માહિતી ડો. અર્ચિતભાઈ પરીખે જણાવ્યું હતું. ડો.અર્ચિતભાઈ



પરીખે જણાવ્યું હતું કે, આજકાલ નાની ઉંમરની વ્યક્તિ ડાયાબિટીસનો ભોગ બની રહી છે. મોટાભાગે ગળ્યો ખોરાક લેવાથી ડાયાબિટીસને લગતી બીમારીઓ થાય છે.ડોક્ટરના જણાવ્યા પ્રમાણે જેમાં ભોજન પહેલા પ્રમાણસર મીઠાઈ લેવામાં આવે તો શરીરમાં ખોરાક પચાવવાનો હોર્મોન્સ સક્રિય થાય છે. પરંતુ જમ્યા બાદ મીઠાઈ લેવામાં આવે તો તેની સીધી અસર પાચનક્રિયા પર પડે છે.જેના લીધે પેટ ફૂલવું, ગેસ, ડાયાબિટીસ, હૃદયરોગ જેવી સમસ્યા ઊભી થાય છે. ડાયાબિટીસ થવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. પરંતુ ટાઈપ ૧ ડાયાબિટીસમાં વ્યક્તિના સ્વાદુપિંડના ઈન્સ્યુલિન ઉત્પન્ન કરતા કોષો નષ્ટ કરે છે.

**ન્યૂઝ બ્રિફ**

### શારદામંદિરના જિર્ણોધ્ધાર માટે ભારતને મદદ કરવા કમિટિની આજીજી

। નવી દિલ્હી, તા.૩૧ ।

પાકિસ્તાનમાં રહેતા હિન્દુ અને સિખો પર અત્યાચાર કરવામાં પાકિસ્તાનના લોકોએ કશુ બાકી રાખ્યુ નથી. પાકિસ્તાનના કબ્જા હેઠળના કાશ્મીરમાં આવેલા ઐતહાસિક શારદા મંદીર પર તો પાકિસ્તાની સેનાએ અતિક્રમણ કરેલુ છે અને તેને હટાવવા માટે હવે શારદા મંદિર બચાવો સમિતિ દ્વારા ભારત સરકારને આજીજી કરવામાં આવી છે. કમિટિએ કહ્યુ છે કે, ભારત સરકાર મદદ કરે તો આ મંદિરનો જિર્ણોધ્ધાર શક્ય છે. સમિતિના સ્થાપક રવિન્દ્ર પંડિતાએ પત્રકાર પરિષદમાં કહ્યુ હતુ કે, પાકિસ્તાની સેનાએ પ્રાચીન શારદા મંદિર પરિસરમાં દબાણ કર્યુ છે અને કોર્ટે સમિતિના પક્ષમાં આદેશ આપ્યો હોવા છતા પાકિસ્તાની સેનાએ ત્યાં કોફી હાઉસ બનાવી દીધુ છે. ઉલ્લેખીય છે કે, પાકિસ્તાનના કબ્જા હેઠળના કાશ્મીરની હાઈકોર્ટે જાન્યુઆરી મહિનામાં જ સમિતિની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. મંદિર પરિસરમાં થઈ રહેલા દબાણ સામે શારદા મંદિર બચાવો સમિતિએ કોર્ટમાં પિટિશન કરી હતી.

### છેલ્લા પાંચ વર્ષમાં વિદેશોમાં ૪૦૩ ભારતીય છાત્રોનાં મોત

। ઓટાવા, તા.૩૧ ।

લાખો ભારતીય વિદ્યાર્થીઓ દુનિયાના જુદા જુદા દેશોમાં અભ્યાસ કરે છે અને આ પૈકી કેનેડામાં ૨૦૧૮ બાદ સૌથી વધારે ભારતીય વિદ્યાર્થીઓના મોત થયા છે. જેના પર જસ્ટીન ટૂડોની સરકારે પણ ચિંતા વ્યક્ત કરીને કહ્યુ હતુ છે કે, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સ્થિતિ સુધારવા માટે સરકાર પગલા ભરી રહી છે. ૨૦૨૪-૨૫ના શૈક્ષણિક વર્ષની શરુઆત થાય તે પહેલા નવા નિર્ણયો લાગુ કરવાનુ લક્ષ્યાંક છે. આ માટે કેનેડાના વિવિધ રાજ્યોની સરકારો અને શૈક્ષણિક સંસ્થાઓએ સાથે મળીને કામ કરવાની જરુર છે. એક ન્યૂઝ વેબસાઈટના અહેવાલ પ્રમાણે છેલ્લા પાંચ વર્ષમાં વિદેશોમાં ૪૦૩ વિદ્યાર્થીઓના મોત થયા છે અને તેમાં સૌથી વધારે ૯૧ ભારતીય વિદ્યાર્થીઓ કેનેડામાં મોતને ભેટયા છે. આ વિદ્યાર્થીઓના મોત પાછળ કુદરતી કારણો, દુર્ઘટનાઓ સહિતના વિવિધ પરિબળો જવાબદાર છે. ભારતના વિદેશ મંત્રાલયે જાહેર કરેલા આંકડા અનુસાર કેનેડા બાદ બ્રિટનમાં ૪૮, રશિયામાં ૪૦, અમેરિકામાં ૩૬ અને ઓસ્ટ્રેલિયામાં ૩૫ વિદ્યાર્થીઓના મોત છેલ્લા પાંચ વર્ષમાં થયા છે. વિદેશ મંત્રાલયના કહેવા પ્રમાણે ૨૦૧૮ થી ૨૦૨૨ વચ્ચે ૫.૬૭ લાખ ભારતીય વિદ્યાર્થીઓ કેનેડામાં અભ્યાસ કરવા માટે ગયા છે.

**રામમંદિરના ઉદ્દ્ઘાટનને લઈને દેશભરમાં ચર્ચા**

## રામ માત્ર હિંદુઓના નહીં, સમગ્ર વિશ્વના છે : ફારૂક અબ્દુલ્લા

### ભગવાન રામે એકબીજાને પ્રેમ અને મદદ કરવાની વાત કરી, તેમણે ક્યારેય કોઈને પછાડવાની વાત નથી કરી

। નવી દિલ્હી, તા.૩૧ ।

અયોધ્યામાં બનીને તૈયાર થયેલા ભવ્ય રામ મંદિરના ઉદ્દ્ઘાટનને લઈને દેશભરમાં રાજકીય ચર્ચાઓ ચાલુ થઈ ગઈ છે. આ દરમિયાન, નેશનલ કોન્ફરન્સના નેતા અને જમ્મુ-કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લાએ મંદિરના ઉદ્દ્ઘાટન બદલ અભિનંદન પાઠવ્યા છે. એક ઈન્ટવ્યુહમાં ફારૂક અબ્દુલ્લાએ કહ્યું કે, રામ માત્ર હિંદુઓના ભગવાન નથી પરંતુ તે સમગ્ર વિશ્વના છે.



તેમણે ભાઈચારાનો સંદેશ આપ્યો હતો. વધુમાં ફારુક અબ્દુલ્લાએ કહ્યું કે, "એક વાત જે ખૂબ જ મહત્વપૂર્ણ છે કે, ભગવાન રામનું મંદિર ખુલવા જઈ રહ્યું છે. હું તે તમામ લોકોને અભિનંદન આપું છું જેમણે તેમનું મંદિર બનાવવામાં પ્રયત્ન કર્યો. ભગવાન રામ માત્ર હિન્દુઓના જ રામ નથી, પરંતૂ સમગ્ર વિશ્વના છે''

ફારૂક અબ્દુલ્લાએ કહ્યું કે, ભગવાન રામે ભાઈચારાનો સંદેશ આપતા તેમણે એકબીજાને પ્રેમ અને મદદ કરવાની વાત કરી. ભગવાન રામ ક્યારેય કોઈને પછાડવાની વાત નથી કરી. ભલે તે કોઈપણ ધર્મ કે જાતિનો હોય, તેની ભાષા કોઈ પણ હોય તેનાથી કોઈ ફરક પડતો નથી. ભગવાન રામે એક યુનિવર્સલ મેસેજ આપ્યો છે.

**ભારતને પછાડવા ચીનના નીત નવા હથકંડા**

## ચીનની મોબાઈલ એપ પર પ્રતિબંધ : ગેમિંગ એપથી ભારતના બાળકોને ટાર્ગેટ કરતું ચીન

### ભારત સરકાર ચીનની કંપનીઓ પર સતત નજર રાખી રહી છે અને સરકારે ચીનની ઘણી મોબાઈલ એપ પર પ્રતિબંધ મૂક્યો છે

। નવી દિલ્હી, તા.૩૧ ।

ચીન ભારતને પછાડવા અનેક પ્રકારના હથકંડા અપનાવતું રહે છે ત્યારે હવે એક ચોંકાવનારા ખુલાસામાં ચીનની નવી તરકીબ સામે આવી છે જેમાં તે મોબાઈલ એપ્લિકેશન્સ દ્વારા ભારતના બાળકોને ટાર્ગેટ કરી રહ્યું છે. ભારત સરકાર ચીનની કંપનીઓ પર સતત નજર રાખી રહી છે અને આ જ કારણ છે કે તાજેતરના વર્ષોમાં સરકારે ચીનની ઘણી મોબાઈલ એપ પર પ્રતિબંધ મૂક્યો છે પરંતુ હજુ પણ એવી કેટલીક એપ છે જે



ભારતમાં ખુબ જ સક્રિય છે જેમાંની એક બેબીબસ એપ્લિકેશન્સ સામેલ છે જેના પર સવાલો ઉભા થયા છે. નિષ્ણાતોનું કહેવું છે કે આ એપ ભારતીયોના ડેટા રાખે છે જે પહેલા ૮ વર્ષ સુધીના બાળકો માટે ડિજિટલ કન્ટેન્ટ પ્રોવાઈડ કરતી હતી. આ કંપની પાસે ૨૦૦થી વધુ ગેમિંગ એપ છે. ઈન્ટેલિજન્સ ફર્મ સેન્સર ટાવરના રિપોર્ટમાં ખુલાસો થયો છે કે 'બેબીબસની ગેમિંગ એપ્સ ભારત અને ઈન્ડોનેશિયામાં ખૂબ જ લોકપ્રિય છે. ક્યૂ૩ ૨૦૨૩માં ગેમિંગ એપ ડાઉનલોડ્સમાં આ એપ્સનો હિસ્સો ૬૦ ટકા છે. બીજી તરફ પ્રાઈવસી રિસર્ચ ફર્મ ઈક્રોગ્નીએ જણાવ્યું હતું કે ટોપ-૧૧માંથી ૩ ડેટા હંગ્રી એપ જે બાળકોને ટાર્ગેટ કરે છે તે બેબીબસની જ છે.

**કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની અમેઠીના 3 દિવસના પ્રવાસે**

## શિક્ષકને નિવૃત્તી બાદ પણ પગાર ન ચૂકવાતાં સ્મૃતિ ઈરાની ગુસ્સે થયા

। અમેઠી, તા.૩૧ ।

કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની તેમના લોકસભા ક્ષેત્ર અમેઠીના ૩ દિવસના પ્રવાસે છે. એવામાં શુક્રવારે જ્યારે તે લોકોને મળી રહી હતી, ત્યારે એક નિવૃત્ત શાળાના શિક્ષકે ફરિયાદ કરી હતી કે નિવૃત્તિ પછી પણ, તેના પગાર ચૂકવવામાં આવ્યા નથી. જેના પર સ્મૃતિ ઈરાનીએ જિલ્લા શાળા નિરીક્ષકને ફોન કર્યો હતો. હાલ આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. હાલ સ્મૃતિ ઈરાની અમેઠીના ત્રણ દિવસના પ્રવાસે છે. આ દરમિયાન શુક્રવારે તેમણે અમેઠીના એક કાર્યક્રમમાં હાજરી આપી હતી. જેમાં નિવૃત શિક્ષક દ્વારા સ્મૃતિ ઈરાનીને ફરિયાદ કરવામાં આવી હતી. તેમણે ફરિયાદમાં જણાવ્યું હતું કે હજુ તેમના પગારની ચુકવણી થઈ નથી. આ બાબત પર તાત્કાલિક એક્શન લેતા સ્મૃતિ ઈરાનીએ જિલ્લા શાળા નિરીક્ષકને ફોન કર્યો હતો અને નિવૃત્ત શિક્ષકોના પગાર તાત્કાલિક ચૂકવવાનું કહ્યું હતું. આ સાથે તેમણે એમ પણ કહ્યું કે 'તમારા ડેસ્ક પર જે પણ ફાઈલ બાકી છે તે આજે જ ક્લિયર કરો.' નિવૃત્ત શિક્ષકોનો આરોપ છે કે તેમને માર્ચ ૨૦૨૨નો પગાર



મળ્યો નથી. આ માટે તેઓ ઘણા મહિનાઓથી ઓફિસના ચક્કર લગાવી રહ્યા છે, પરંતુ જિલ્લા શાળા નિરીક્ષક કોઈ કાર્યવાહી કરી રહ્યા નથી. તેમજ જ્યારે પણ તેઓ ઓફિસે જાય છે ત્યારે જિલ્લા શાળા નિરીક્ષક ઓફિસમાં હોતા નથી. સ્મૃતિ ઈરાનીની શિક્ષણ અધિકારી સાથે વાતચીતનો વીડિયો સોશિયલ મીડિયા પર હાલ વાયરલ થઈ રહ્યો છે. આ સિવાય અમેઠીની મુલાકાત દરમિયાન સ્મૃતિ ઈરાનીએ વારંવાર રાહુલ ગાંધી અને કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું.

### ઈડીએ હેમંત સોરેનને પૂછપરછ માટે તેમની ઈચ્છાના સ્થળ, સમય જણાવવા કહ્યું

। નવી દિલ્હી, તા.૩૧ ।

જમીન કૌભાંડ મામલે ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનને પૂછપરછ માટે ઈડીએ છેલ્લી નોટિસ પાઠવી છે. આ સાથે કેન્દ્રીય એજન્સીએ સોરેનને તેમની ઈચ્છા પ્રમાણે સ્થળ અને સમય જણાવવા કહ્યું છે જેથી ઈડીના અધિકારીઓ જઈને તેમની પૂછપરછ કરી શકે. ઈડીએ હેમંત સોરેનને પાઠવેલા સમન્સમાં કહ્યું કે, જમીન કૌભાંડ મામલે તેમનું નિવેદન નોંધવું ખૂબ જ જરૂરી છે. એટલા માટે ઈડીતેમની ઈચ્છા પ્રમાણે નિવેદન નોંધવા માટે તૈયાર છે. આ મામલે ઈડીતેમને અગાઉ ૬ વખત સમન્સ પાઠવી ચૂકી છે. ઈડીએ હેમંત સોરેનને મોકલેલી નોટિસમાં એમ પણ લખ્યું છે કે આ પત્રને સમન્સ તરીકે જોવામાં આવે.

**મુસાફરોની સુવિધા વધારવા રેલવેના પ્રયાસ**

## મુસાફરોની સુરક્ષા માટે રેલવે સ્ટેશનો પર પેનિક બટન લગાવામાં આવશે

### સલામતી માટે પેનિક સ્વિચ બટન લગાવવા માટે હાલમાં કુલ ૧૧૭ રેલવે સ્ટેશનોની પસંદગી કરવામાં આવી




। નવી દિલ્હી, તા.૩૧ ।

ભારતીય રેલવે દ્વારા મુસાફરોની યોગ્ય સુવિધા મળી રહે તે રીતે દેશભરમાં હજારો ટ્રેનોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. આજના સમયે ટ્રેનોમાં રોજ કરોડો લોકો મુસાફરી કરી રહ્યા છે. યાત્રાળુઓને મુસાફરીમાં કોઈ અસુવિધા ન પડે તે માટે કેટલાક નિયમો અને કાયદાઓ બનાવવામાં આવ્યા છે. આ સિવાય ભારતીય રેલવે દ્વારા સ્ટેશનોનું રિનોવેશન અને ટ્રેનોની સ્પીડ વધારવા માટે પણ ઝડપથી કામ કરવામાં આવી રહ્યું છે. ભારતીય રેલવે મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં રાખી હવે સ્ટેશનો પર એક ખા પ્રકારનું પેનિક બટન લગાવવાનું કામ ચાલી રહ્યું છે. આવો જાણીએ આ પેનિક બટન શું છે અને તે કેવી રીતે કામ કરી રહ્યુ છે. રિપોર્ટ પ્રમાણે મધ્ય રેલવે વિભાગ તેના નેટવર્ક સાથે જોડાયેલ સ્ટેશનો પર પેનિક બટન લગાવવાની યોજના તૈયાર કરી રહી છે. પેનિક સ્વિચ બટન લગાવવા માટે હાલમાં કુલ ૧૧૭ સ્ટેશનોની પસંદગી કરવામાં આવી છે. પેનિક બટન એક ખાસ પ્રકારે સલામતી માટેનું ઉપકરણ છે. કટોકટીની સ્થિતિમાં તેનો ઉપયોગ કરવામાં આવશે. સંકટ સમયે મુસાફર પેનિક બટનનો ઉપયોગ કરીને રેલવે સુરક્ષા દળ (આરપીએફ)ને સાવચેત કરે છે. પેનિક બટનનો ઉપયોગ કરીને મુસાફર કોઈપણ પ્રકારની સહાયતા માટે આરપીએફ કર્મચારીઓની સહાયતા લઈ શકશે.

પેનિક બટન પર લગાવવામાં આવેલી સ્વીચને દબાવતાની સાથે તરત જ એક એલર્ટ સીધું આરપીએફ કંટ્રોલ રૂમ સુધી પહોંચી જશે. અને તેની સાથે મુસાફરની ઓળખ કરીને તરત તેની મદદ પહોચાડવામાં આવશે. રેલવે સ્ટેશનો પર પેનિક બટન લગાવવાની યોજનાને એક વર્ષમાં પુરી કરવામાં આવશે.

**કર્તવ્ય પથ બહાર મુક્યો અર્જુન એવોર્ડ । ત્રણ દિવસ પહેલા એવોર્ડ પરત કરવા જાહેરાત કરી હતી**

## બજરંગ પુનિયા બાદ વિનેશ ફોગાટે પરત કર્યો એવોર્ડ

। અમેઠી, તા.૩૧ ।

વિનેશ ફોગાટે તેના એવોર્ડને કર્તવ્ય પથ બહાર મુકી દીધો છે. ત્રણ દિવસ પહેલા જ તેમણે એવોર્ડ પરત કરવાની જાહેરાત કરી હતી. મેડલ પરત કરવા PMO જઈ રહેલી વિનેશ ફોગટને પોલીસે રોકી હતી. જે બાદ વિનેશ ફોગટે કર્તવ્ય પથ પર જ અર્જુન એવોર્ડ છોડીને નીકળી ગઈ હતી.

કુસ્તીની દુનિયામાં ચાલી રહેલ દંગલ અટકવાનું નામ નથી લઈ રહ્યું. કુસ્તીબાજ બજરંગ પુનિયા બાદ આજે મહિલા રેસલર વિનેશ ફોગાટે પણ પોતાનું સન્માન પરત કર્યું છે. જ્યારે તે સન્માન પરત કરવા માટે પીએમઓ જઈ રહી હતી ત્યારે પોલીસે વિનેશને



તેની ફરજ પર રોકી હતી. તેથી, વિનેશે તેણીનો અર્જુન એવોર્ડ કર્તવ્ય માર્ગ પરના બેરિકેડ્સ પર છોડી દીધો. વિનેશ પહેલા બજરંગ પુનિયાએ તેમનો પદ્મશ્રી એવોર્ડ પરત કર્યો હતો. એવોર્ડ પરત કરતા પહેલા વિનેશ ફોગાટે કહ્યું કે આ દિવસ કોઈપણ ખેલાડીના જીવનમાં ન આવવો જોઈએ. દેશની મહિલા કુસ્તીબાજો સૌથી ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહી છે.૨૨ ડિસેમ્બરે બજરંગ પુનિયાએ તેમનો પ દ્મશ્રી એવોર્ડ પરત કર્યો હતો. બજરંગ પુનિયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર પણ લખ્યો હતો. તેણે કહ્યું હતું કે હું મારો પદ્મશ્રી એવોર્ડ વડાપ્રધાનને પરત કરી રહ્યો છું. આ માત્ર કહેવા માટે મારો પત્ર છે. આ મારું નિવેદન છે સાક્ષી મલિકે નિવૃત્તિની જાહેરાત કર્યા બાદ બજરંગ પુનિયાએ તેમનો પદ્મશ્રી પરત કર્યો હતો. વાસ્તવમાં બ્રિજભૂષણ શરણ સિંહના નજીકના સંજય સિંહ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI)ની ચૂંટણી જીત્યા હતા. વિનેશ ફોગાટ, બજરંગ પુનિયા અને સાક્ષી મલિક સહિત ઘણા રેસલર આને લઈને નારાજ છે. આ કુસ્તીબાજો લાંબા સમયથી બ્રિજ ભૂષણનો વિરોધ કરી રહ્યા છે. આ તમામની માંગ હતી કે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ પદ પર મહિલા હોવી જોઈએ.

જોકે, સંજય સિંહના નેતૃત્વમાં ભારતીય કુસ્તી મહાસંઘના નવા ચૂંટાયેલા કાર્યકારીને રમત મંત્રાલયે સસ્પેન્ડ કરી દીધા હતા. મંત્રાલયે તેના નિર્ણયમાં કહ્યું હતુ કે WFI એ વર્તમાન નિયમોની સંપૂર્ણ અવગણના કરી છે. સત્તાવાર રિલીઝમાં, રમત મંત્રાલયે કહ્યું હતુ કે રાષ્ટ્રીય સ્પર્ધાઓની જાહેરાત ઉતાવળમાં કરવામાં આવી હતી.

**વિશેષ** | **પીએમ મોદી તિરુચિરાપલ્લી ઇન્ટરનેશનલ એરપોર્ટ પર નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્દ્ઘાટન કરશે**

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨ થી ૩ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ તમિલનાડુ, લક્ષદ્વીપ અને કેરળની મુલાકાત લેશે

૨જી જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ, સવારે લગભગ ૧૦:૩૦ વાગ્યે, પ્રધાનમંત્રી તમિલનાડુના તિરુચિરાપલ્લી પહોંચશે. તેઓ ભારતીદાસન યુનિવર્સિટી, તિરુચિરાપલ્લીના ૩૮મા દીક્ષાંત સમારોહમાં મુખ્ય અતિથિ હશે. બપોરે લગભગ ૧૨ વાગ્યે, તિરુચિરાપલ્લીમાં એક જાહેર કાર્યક્રમમાં, પ્રધાનમંત્રી ઉડ્ડયન, રેલ, માર્ગ, તેલ અને ગેસ, શિપિંગ અને ઉચ્ચ ક્ષેત્રો સંબંધિત રૂ. ૧૯,૮૫૦ કરોડથી વધુની કિંમતની શિક્ષણ ક્ષેત્રો સહિત બહુવિધ વિકાસ યોજનાઓનું ઉદ્દ્ઘાટન, રાષ્ટ્રને નાજુક અને શિલાન્યાસ કરશે. બપોરે લગભગ ૩:૧૫ વાગ્યે, પ્રધાનમંત્રી અગાટી, લક્ષદ્વીપ પહોંચશે જ્યાં તેઓ એક જાહેર સમારોહને સંબોધન કરશે. ૪થી જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ, લગભગ બપોરે ૧૨ વાગ્યે, પ્રધાનમંત્રી કાવરત્તી, લક્ષદ્વીપ પહોંચશે, જ્યાં તેઓ ટેલિકોમ્યુનિકેશન, પીવાનું પાણી, સૌર ઉર્જા અને આરોગ્ય જેવા ક્ષેત્રો સાથે સંબંધિત બહુવિધ વિકાસ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે.

**તમિલનાડુમાં પી.એમ**

ભારતીદાસન યુનિવર્સિટી, તિરુચિરાપલ્લીના ૩૮મા દીક્ષાંત સમારોહમાં પ્રધાનમંત્રી યુનિવર્સિટીના હોશિયાર વિદ્યાર્થીઓને પુરસ્કારો આપશે. આ પ્રસંગે તેઓ સભાને પણ સંબોધન કરશે.

તિરુચિરાપલ્લીમાં જાહેર કાર્યક્રમમાં પ્રધાનમંત્રી તિરુચિરાપલ્લી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્દ્ઘાટન કરશે. ૧૧૦૦ કરોડથી વધુના ખર્ચે વિકસિત, બે-સ્તરની નવી આંતરરાષ્ટ્રીય ટર્મિનલ ઈમારત વાર્ષિક ૪૪ લાખથી વધુ મુસાફરો અને પીક અવર્સ દરમિયાન લગભગ ૩૫૦૦ મુસાફરોને સેવા આપવાની ક્ષમતા ધરાવે છે. નવું ટર્મિનલ મુસાફરોની સુવિધા માટે અત્યાધુનિક સુવિધાઓ અને સુવિધાઓ ધરાવે છે.

પ્રધાનમંત્રી રાષ્ટ્રને અનેક રેલવે પ્રોજેક્ટ્સ સમર્પિત કરશે. આમાં ૪૧.૪ કિમીના સાલેમ-મેગ્નેસાઈટ જંક્શન-ઓમાલુર-મેત્તુર ડેમ સેક્શનને બમણા કરવાના પ્રોજેક્ટનો સમાવેશ થાય છે; મદુરાઈ - તુતીકોરિનથી ૧૬૦ કિમીના રેલ લાઈન વિભાગને બમણા કરવા માટેનો પ્રોજેક્ટ; અને રેલ્વે લાઈન ઈલેક્ટ્રિફિકેશન માટે ત્રણ પ્રોજેક્ટ જેમ કે તિરુચિરાપલ્લી- મનમદુરાઈ- વિરુધુનગર; વિરુધુનગર – તેનકાસી જંક્શન; સેંગોટ્ટાઈ - તેનકાસી જંક્શન - તિરુનેલવેલી - તિરુચેન્દુર. રેલ પ્રોજેક્ટ્સ નૂર અને મુસાફરોને વહન કરવા માટે રેલ ક્ષમતામાં સુધારો કરવામાં મદદ કરશે અને તમિલનાડુમાં આર્થિક વિકાસ અને રોજગાર નિર્માણમાં યોગદાન આપશે. પ્રધાનમંત્રી પાંચ રોડ સેક્ટર પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત



કરશે. પ્રોજેક્ટ્સમાં NH-૮૧ ના ત્રિચી-કલ્લગામ વિભાગ માટે ૩૯ કિમી ચાર લેન રોડનો સમાવેશ થાય છે; ૬૦ કિમી લાંબો ૪/૨-લેનિંગ કલ્લાગામ - NH-૮૧ ના મીનસુરત્તી વિભાગ; ચેટ્ટીકુલમનો ૨૯ કિમી ચાર-માર્ગી માર્ગ - NH-૭૮૫ ના નાથમ વિભાગ; NH-૫૩૬ ના કરાઈકુડી – રામનાથપુરમ વિભાગના પાકા ખભા સાથે ૮૦ કિમી લાંબી બે લેન; અને NH-૧૭૯છ સાલેમ - તિરુપથુર - વાણીયંબડી રોડના સેક્શનની ૪૪ કિમી લાંબી ફોર લેનિંગ. રોડ પ્રોજેક્ટ આ પ્રદેશના લોકોની સલામત અને ઝડપી મુસાફરીની સુવિધા આપશે અને ત્રિચી, શ્રીરંગમ, ચિદમ્બરમ, રામેશ્વરમ, ધનુષકોડી, ઉથિરાકોસામંગાઈ, દેવીપટ્ટિનમ, એરવાડી, મદુરાઈ જેવા ઔદ્યોગિક અને વ્યાપારી કેન્દ્રોની કનેક્ટિવિટી સુધારશે.

આ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી મહત્વપૂર્ણ રોડ વિકાસ પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ કરશે. તેમાં NH ૩૩૨છ ના મુગૈયુરથી મરક્કનમ સુધી ૩૧ કિમી લાંબા ચાર લેન રોડનું બાંધકામ સામેલ છે. આ રોડ તમિલનાડુના પૂર્વ કિનારે આવેલા બંદરોને જોડશે, વર્લ્ડ હેરિટેજ સાઈટ - મમલ્લાપુરમ સાથે રોડ કનેક્ટિવિટી વધારશે અને કલ્પક્કમ એટોમિક પાવર પ્લાન્ટને વધુ સારી કનેક્ટિવિટી પ્રદાન કરશે. પ્રધાનમંત્રી કામરાઝર પોર્ટના જનરલ કાર્ગો બર્થ-II (ઓટોમોબાઈલ એક્સપોર્ટ/ઈમ્પોર્ટ ટર્મિનલ-II અને કેપિટલ ડ્રેજિંગ ફેઝ-ફ) રાષ્ટ્રને સમર્પિત કરશે. જનરલ કાર્ગો બર્થ-૨નું ઉદ્દ્ઘાટન એ દેશના વેપારને મજબૂત કરવાની દિશામાં એક પગલું હશે જે આર્થિક વૃદ્ધિ અને રોજગાર નિર્માણને વેગ આપવામાં મદદ કરશે. કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રી ૯૦૦૦ કરોડ રૂપિયાથી વધુની કિંમતની મહત્વની પેટ્રોલિયમ અને કુદરતી ગેસ પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત પણ કરશે અને શિલાન્યાસ કરશે. રાષ્ટ્રને સમર્પિત બે પ્રોજેક્ટ્સમાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL)ની ૪૮૮ કિલોમીટર લાંબી નેચરલ ગેસ પાઈપલાઈનનો; અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL)ની ૬૯૭ કિમી લાંબી વિજયવાડા-ધર્મપુરી મલ્ટિપ્રોડક્ટ (POL) પેટ્રોલિયમ પાઈપલાઈન (VDPL) સમાવેશ થાય છે. વધુમાં, જે પ્રોજેક્ટનો શિલાન્યાસ કરવામાં આવશે તેમાં ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (GAIL) દ્વારા કોચી-કુટ્ટનાડ-બેંગ્લોર-મેંગલોર ગેસ પાઈપલાઈન II (KKBMPL II)ના કૃષ્ણગિરીથી કોઈમ્બતુર સેક્શન સુધી ૩૨૩ કિમી કુદરતી ગેસ પાઈપલાઈનનો વિકાસ સામેલ છે; અને વલ્લુર, ચેન્નાઈ ખાતે સૂચિત ગ્રાસ રૂટ ટર્મિનલ માટે કોમન કોરિડોરમાં POL પાઈપલાઈન નાખવા. પેટ્રોલિયમ અને નેચરલ ગેસ સેક્ટરના આ પ્રોજેક્ટ્સ આ પ્રદેશમાં ઉર્જાની ઔદ્યોગિક, ઘરેલું અને વ્યાપારી જરૂરિયાતોને પૂર્ણ કરવાની દિશામાં એક પગલું હશે. આનાથી પ્રદેશમાં રોજગારીનું સર્જન થશે અને રોજગાર નિર્માણમાં યોગદાન મળશે. પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધી સેન્ટર ફોર એટોમિક રિસર્ચ (IGCAR), કલ્પક્કમ ખાતે નિદર્શન ફાસ્ટ રિએક્ટર ફ્યુઅલ રિપ્રોસેસિંગ પ્લાન્ટ (DFRP) પણ રાષ્ટ્રને સમર્પિત કરશે. DFRP, રૂ. ૪૦૦ કરોડના ખર્ચે વિકસિત, એક અનન્ય ડિઝાઈનથી સજ્જ છે, જે વિશ્વમાં તેના પ્રકારનું એકમાત્ર છે અને ઝડપી રિએક્ટરમાંથી છોડવામાં આવતા કાર્બાઈડ અને ઓક્સાઈડ બંને ઈંધણને ફરીથી પ્રક્રિયા કરવા સક્ષમ છે.

# ૨૦૨૪માં બનશે ગુજરાતમાં ફરવાના 3 નવા ટુરિઝમ સ્પોટ

। અમદાવાદ, તા.૩૧ ।

દારૂની છૂટ બાદ દાદાની સરકાર હવે ગુજરાતના લોકોને ટુરિઝમમાં બીજી મોટી ભેટ આપવા જઈ રહી છે. ગુજરાતમાં ૨૦૨૪ માં ટુરિઝમ ક્ષેત્રે ત્રણ નવી વસ્તુઓ તૈયાર કરવાની જાહેરાત થશે. ગુજરાતની પ્રવાસન પ્રવૃત્તિને વેગ આપવા માટે રાજ્ય સરકાર પોતાનો એક્શન પ્લાન ઘડી નાંખ્યો છે. સરકારે ગીફ્ટ સીટીમાં દારૂબંધી નીતિમાં છૂટછાટ આપ્યા બાદ હવે ગુજરાતમાં ટુરિઝમમાં નવુ નવુ આવી રહ્યું છે. ગુજરાત એ ભારતનો સૌથી લાંબો દરિયો ધરાવતું રાજ્ય છે. દરિયામાં અનેક જીવસૃષ્ટિ સમાયેલી છે. આને જે ધ્યાનમાં રાખીને દેશમાં પ્રથમ વખત ઈકો ટુરિઝમને વધારવા માટે ગુજરાત સરકાર નવા નવા પ્રોજેક્ટ લાવવાના આયોજનમાં છે. જેથી ગુજરાતનું ટુરિઝમ પણ બુસ્ટ થશે, અને વધુ પ્રવાસીઓ ગુજરાત આવશે. ગત રોજ ગુજરાત સરકારે ગુજરાતમા ફ્લોટિંગ વિલાની જાહેરાત કરી કરી હતી. ત્યારે હવે શિવરાજપુર બિચ પર એક્વેરિયમ બનાવવા રાજ્ય સરકારની વિચારણા ચાલી રહી છે. તો આ સાથે દ્વારા ત્રીજો પ્રોજેક્ટ દ્વારકામાં આકાર લેશે, જ્યાં દ્વારકાના દરિયામાં ડોલ્ફીન ક્રુઝ શરૂ કરવામા આવશે. ગુજરાત સરકાર હવે દરિયાની અંદર એક્વેરિયમ બનાવશે. જે દુબઈ જેવું જ આલાગ્રાન્ડ હશે. શિવરાજપુર બિચ પર એક્વેરિયમ બનાવવા રાજ્ય સરકારની વિચારણા ચાલી રહી છે. દરીયાની અંદર ભવ્ય એક્વેરિયમ બનાવવાનો તખ્તો તૈયાર થઈ રહ્યો છે. જેથી પ્રવાસીઓ દરિયામાં જ માછલીઓ અને દરીયાની મજા માણી શકે તે હેતુથી એક્વેરિયમ ઉભુ કરાશે. આગામી બજેટમાં તેની જાહેરાત થઈ શકે છે. હાલ અમદાવાદ સાયન્સ સીટી ખાતે એક્વેરિયમ છે. દ્વારકામાં ડોલ્ફિન ક્રૂઝ શરૂ કરાશે. જે માટે વાઈબ્રન્ટ ગુજરાતમાં એમઓયુ કરાશે. ગુજરાત સરકાર દ્વારા દ્વારકાના અરબી સમુદ્રમાં 'ડોલ્ફિન ક્રૂઝ' ચલાવવાની તૈયારીમાં છે. ઈકો ટૂરિઝમને વધારવા માટે ગુજરાત સરકાર દ્વારકાના અરબી સમુદ્રમાં ડોલ્ફિન ક્રૂઝ ચલાવશે. જેમાં નેચરાલિસ્ટ ડોલ્ફિન્સની વિવિધ પ્રજાતિઓ વિશે જાણકારી આપશે. આના માટે સરકાર જાન્યુઆરીમાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં અક્ષર ટ્રાવેલ્સ સાથે એમઓયુ કરશે. ક્રૂઝનું સંચાલન અક્ષર ટ્રાવેલ્સ કરશે. જે સંભવિત રીતે આ ક્રુઝની શરૂઆત માર્ચ મહિનાથી થશે. રાજ્ય સરકારે ત્રણ જગ્યાઓ પર ફલોટીંગ વિલા માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. કડાણા ડેમ, બેટ દ્વારકા અને ધરોઈ ડેમમાં ફલોટિંગ વિલા શરૂ કરવાની તૈયારીમાં છે. ખાનગી કંપનીઓને ફલોટિંગ વિલાનું કામ સોંપાશે. દુનિયાની અનેક દેશમાં ફલોટિંગ વિલા જોવા મળે છે. ખાસ કરીને ટાપુ દેશો અને નૈસર્ગિક દેશો તેમની પ્રવાસન પ્રવૃત્તિને વિલાથી વેગ આપી રહ્યાં છે.

## ન્યૂઝ બ્રિફ

### પાકિસ્તાન દ્વારા ગુજરાતની બોટનું અપહરણ કરી લેવાયું

। પોરબંદર, તા.૩૧ ।

અનેકવાર એવું બન્યું છે કે, પાકિસ્તાન મરીન સિક્યુરિટી એજન્સી દ્વારા અનેકવાર ભારતીય માછીમારોને પકડીને બંધક બનાવવામાં આવ્યા છે. પાકિસ્તાની મરીન એજન્સીના જવાનો ભારતીય સીમામાં ઘૂસીને પણ માછીમારોને પકડતા હતા. તેઓ માછીમારોને બંધક બનાવીને વર્ષો સુધી પાકિસ્તાનની જેલમાં રાખે છે. ત્યારે હવે ફરીથી પાકિસ્તાનની નાપાક હરકત સામે આવી છે. મધદરિયેથી પ ાકિસ્તાન મેરીટાઈમ સિક્યોરિટી એજન્સીએ ૯ માછીમારો સાથે દેવભૂમિ દ્વારકાની બોટનું અપ હરણ કરવાની ઘટના બની છે. પોરબંદર પાકિસ્તાન મેરીટાઈમ સિક્યોરિટી એજન્સીની નાપાક હરકત સામે આવી છે. આઈએમબીએલ નજીકથી પાકિસ્તાન મેરીટાઈમ સિક્યોરિટી એજન્સીએ ભારતીય બોટનું અપહરણ કર્યું છે.

## સેમીકંડક્ટર પોલિસીની મોટી સક્સેસ

# દ.કોરિયા અને જાપાનને પડ્યો ગુજરાતમાં રોકાણ કરવામાં રસ

। ગાંધીનગર, તા.૩૧ ।

ભારતીય સેમીકંડક્ટર મિશન અંતર્ગત ગુજરાત ૨૦૨૨ માં પોતાની સેમીકંડક્ટર પોલિસી રજૂ કરનારું પ્રથમ રાજ્ય બની ગયું છે. આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ પહેલા આયોજિત કાર્યક્રમો દરમિયાન કેટલાક દેશોએ ગુજરાતની આ પોલિસીમાં રસ દાખવ્યો છે. જેમાં દક્ષિણ કોરિયા, જાપાન અને બેંગલુરુની અનેક કંપનીઓ ગુજરાત સાથે જોડાવા માંગે છે. ગુજરાતની સેમીકંડક્ટર પોલીસીમાં જાપાન અને દક્ષિણ કોરિયાની કંપનીઓને રસ પડ્યો છે. સાથે જ કેટલીક દિલ્હી અને બેંગલુરુ બેઝ્ડ કંપનીઓ પણ ગુજરાતમાં ઈન્વેસ્ટમેન્ટ કરવા માંગે છે. આગામી વાઈબ્રન્ટ સમિટ પહેલા જ આયોજિત કાર્યક્રમોમાં આ માહિતી સમે આવી છે. ભારતના સેમીકંડક્ટર મિશનની સાથે તાલમેલ બેસાડતા ગુજરાતે ૨૦૨૨ માં પોતાની સેમીકંડક્ટર પોલિસી રજૂ કરી હતી. એક સરકારી નિવેદન અનુસાર, રાજ્યની સેમીકંડક્ટર પોલિસીનો હેતુ વૈશ્વિક માર્કેટમાં પકડ બનાવવાનો છે. ચીપ મેન્યુફેક્ચરિંગ માઈક્રોન ટેકનોલોજી અમદાવાદના સાણંદ પાસે પોતાનો પ્લાન્ટ લગાવવા જઈ રહી છે. ૨.૭૫ અરબ ડોલરનું તેના માટે ઈન્વેસ્ટમેન્ટ થશે.

## બે વર્ષ પૂરા થાય ત્યારે પરમિટને રિન્યૂ કરાવવાની રહેશે

# ગિફ્ટ સિટીમાં લિકર એક્સેસની પરમિટ બે વર્ષના ગાળા માટે અપાશે

। ગાંધીનગર, તા.૩૧ ।

ગાંધીનગરના ગિફ્ટ સિટી ખાતે આગામી દિવસોમાં દારુબંધી હળવી થવાની છે ત્યારે શરાબની પરમિટ અંગેના નિયમો જાહેર થઈ ગયા છે. ગિફ્ટ સિટિમાં લિકર એક્સેસ માટે જે પરમિટ આપવામાં આવશે તે બે વર્ષ માટે માન્ય રહેશે. જ્યારે ગિફ્ટ સિટીના વિઝિટરને સિંગલ-ડે માટે પરમિટ આપવામાં આવશે. ગુજરાત સરકારે એક નોટિફિકેશનમાં જણાવ્યું કે લિકર એક્સેસની પરમિટ બે વર્ષના ગાળા માટે આપવામાં આવશે. બે વર્ષ પૂરા થાય ત્યારે પરમિટને રિન્યૂ કરાવવાની રહેશે. પરમિટ મેળવવાની ફી વાર્ષિક ૧૦૦૦ રૂપિયા હશે. જો પરમિટધારક વ્યક્તિ ગિફ્ટ સિટીમાં કામ કરતી કંપનીનો કર્મચારી ન રહે તો તેની પરમિટ કેન્સલ થયેલી ગણાશે. બીજી તરફ ગિફ્ટ સિટીમાં વિઝિટરોને શરાબ માટે ટેમ્પરરી પરમિટ આપવામાં આવશે જે માત્ર એક દિવસ પૂરતી હશે. આ પરમિટ જવાબદાર અધિકારી દ્વારા આપી શકાશે. આ ઓફિસર જ્યારે જરૂર પડે ત્યારે પરમિટ આપી શકશે. ગિફ્ટ સિટીમાં આવેલી હોટેલ, રેસ્ટોરન્ટ અને ક્લબ્સ વાઈન એન્ડ ડાઈન સુવિધા આપવા માગતી હોય તો તેમણે ગાંધીનગરમાં પ્રોહિબિશન એન્ડ એક્સાઈઝના સુપ્રિન્ટેન્ડન્ટ પાસેથી FL-III લાઈસન્સ મેળવવું પડશે.

# પૂર્વ ધારાસભ્ય કિરીટ પટેલનું સુગર પ્રમુખ પદેથી રાજીનામું

। સુરત, તા.૩૧ ।

સુરતના સહકારી ક્ષેત્રમાંથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. સુગર પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય કિરીટ પટેલે પ્રમુખ પદેથી રાજીનામુ ધરી દીધુ છે. સુરત જિલ્લાની સહકારી ક્ષેત્રમાં આ રાજીનામા બાદ હડકંપ મચી ગયો છે. કિરીટ પટેલના રાજીનામા પાછળ શેરડીના પૈસા ના ચૂકવ્યા હોવાની તથા વહીવટમાં ગેરરીતિ થઈ હોવાની આશંકા સેવાઈ રહી છે. ખાસ વાત છે કે, કિરીટ પટેલના રાજીનામાને લઈને ચિત્ર આવતીકાલે મળનારી બેઠકમાં સ્પષ્ટ થઈ શકે છે. સુરત જિલ્લાની સહકારી ક્ષેત્રમાંથી મોટા સમાચાર સામે આવ્યા છે. હાલમાં જ ઓલપાડ કાંઠા સુગરના ચેરમેને પદેથી કિરીટ પટેલે રાજીનામુ આપી દીધુ છે. કિરીટ પટેલના રાજીનામા બાદ સમગ્ર જિલ્લામાં હડકંપ મચી ગયો છે. માજી ધારાસભ્ય અને સુગર પ્રમુખ કિરીટ પટેલે પ્રમુખ પદેથી રાજીનામુ ધરી દીધુ છે. સુગર પ્રમુખ રાજીનામાને અનેક પ્રકારના તર્ક વિતર્ક સેવાઈ રહ્યાં છે. રાજીનામાં પાછળ સભાસદોને શેરડીના પૈસા ના ચૂકવ્યા હોવાની તથા વહીવટમાં ગેરરીતિ થઈ હોવાની આશંકા પણ સેવાઈ રહી છે. હાલમાં સુગર મીલને શેરડીનો પૂરતો પુરવઠો મળતો ના હોવાથી સુગરમિલ બંધ હાલતમાં છે.

# કેડિલા ફાર્માના માલિક રાજીવ મોદીની મુશ્કેલીમાં વધારો

। અમદાવાદ, તા.૩૧ ।

કેડિલા ફાર્માના માલિક રાજીવ મોદીની મુશ્કેલી વધી છે. વિદેશી યુવતીના આરોપો બાદ આખરે સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. IPCની કલમ ૩૭૬, ૩૫૪, ૫૦૬(૨) મુજબ ફરિયાદ નોંધાઈ છે. કેડિલાના માલિક રાજીવ મોદી સામે વિદેશી યુવતીએ દુષ્કર્મના આરોપ લગાવ્યા હતા. હાઈકોર્ટના આદેશ બાદ સોલા પોલીસ સ્ટશનમાં ગુનો નોંધાયો છે. રાજીવ મોદી સામે ફરિયાદ નોંધવા બલ્ગેરિયન યુવતીએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. વર્ષ ૨૦૨૩ના માર્ચ મહિનામાં બનેલી ઘટનાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે, વર્ષ ૨૦૨૩ના ત્રીજા મહિનામાં બનેલી ઘટનાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ફરિયાદ દાખલ થતા સોલા પોલીસે કેસની તપાસ શરૂ કરી છે. રાજીવ મોદી ઉપરાંત જોહન્સન મેથ્યુ વિરુદ્ધ પણ ફરિયાદ દાખલ થઈ છે. ફરિયાદમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે, ૨૨ ફેબ્રુઆરીથી લઈને માર્ચ સુધી શારીરિક દુષ્કર્મ આચારવામાં આવ્યું હતું. છારોડી કેડીલા ફાર્મ હાઉસમાં દુષ્કર્મ આચર્યુ હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

નવી આશા, નવી સફર, IVFની મદદથી આશાને હકિકતમાં ફેરવો..
MERRYLAND
Women's Hospital & IVF (ટેસ્ટ ટ્યુબ બેબી) સેન્ટર
રાહત દરે IVF પેકેજ/ઓપરેશન 0% વ્યાજદરે EMI સુવિધા ઉપલબ્ધ


સૌથી ઓછા પ્રયત્ને ઝડપી ગર્ભધારણ માટે
- કારણ વગરના ઓવમપિક-અપ અને એમ્બ્રીયો ટ્રાન્સફરને રોકવા
- ઓછામાં ઓછા પ્રયત્ને ગર્ભધારણ મેળવવા
- ગર્ભપાતની શક્યતા ઓછી કરવા
- સૌથી સચોટ પધ્ધતિનો ઉપયોગ

નિશુલ્ક વ્યંધત્વ નિદાન કેમ્પ
તા. ૧૫-૦૧-૨૦૨૪ સુધી
સમય સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી

જટિલ સમસ્યાઓનાં નિવારણ માટે
- IUI કે IVF માં એકથી વધુ વાર નિષ્ફળતા
- 0% કે નહીવત શુક્રાણું
- લાંબુ કે જટિલ વ્યંધત્વ
- ગમે તેવી મોટી ઉંમર કે નીચું AMH
- PCOD સ્ત્રી બીજ ન બનવા કે છૂટા ન પાડવા
- બંને નળીઓ બંધ હોવી
- ગર્ભાશયમાં ગાંઠ હોવી
- એન્ડોમેટ્રીઓસીસ
- એડેનોમાયોસીસ

ઉપલબ્ધ સેવાઓ
- હાઈરિસ્ક પ્રેગ્નન્સી યુનિટ
- IUI, IVF સરોગેસી
- હિસ્ટ્રોસ્કોપી-લેપ્રોસ્કોપી
- હાઈરિસ્ક પ્રેગનેન્સી
- મેલ/ફિમેલ ઈનફર્ટીલીટી

દરેક ઈન્સ્યોરન્સ માટે કેશલેશ સુવિધાઓ ઉપલબ્ધ
ડો. હિતેશ પટેલ (ઈનફર્ટીલીટી સ્પેશ્યાલિસ્ટ)
સરનામુ :- ત્રીજો માળ, ડ્રીમસ્કવેર, નિર્ણયનગર અંડરબ્રીજની બાજુમાં, અખબારનગર, અમદાવાદ, ગુજરાત, www.merrylandhospital.com
રજીસ્ટ્રેશન ફ્રિ પણ ફરજીયાત, તો કોલ કરો.. + 91 9081 66 33 55 / 66

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨